Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Rg. N. B. 431.

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

मग्नान्संसृतिवारिधौ हतसुखान्दृष्ट्वा जनानां व्रजान्
तानुद्धर्तुमना दयार्द्रहृदयो रुध्वेन्द्रियाश्वान् जवात्
जन्तून्मा जहि ज्ञानतः प्रशमय क्रोधादिशत्रूनिति
' आत्मानन्द प्रकाश ' मादिशदसौ जीयाज्जिनेंद्रः प्रभुः ॥१॥

पु. १९. | वीर सं. २४४८ अषाढ. आत्म सं. २७ | अंक १२ मो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

. વિષયાનુક્રમણિકા.

| | વિષય. | પૃષ્ઠ. | | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|---|---|
| ૧ | માનવવિભૂતિ. ... ... | ...૨૮૯ | ૯ | જગતની મહાન વસ્તુ–ચારિત્ર. | ...૩૦૨ |
| ૨ | જૈનશાસન રક્ષાનો સરળ માર્ગ. | ...૨૯૦ | ૧૦ | કરકસર. ... ... ... | ...૩૦૨ |
| ૩ | શ્રાવકની કરણીનું રહસ્ય. ... | ...૨૯૧ | ૧૧ | જૈનોમાં કેળવણી. ... ... | ...૩૦૩ |
| ૪ | પુષ્પાંજલી. ... ... ... | ...૨૯૫ | ૧૨ | આપણી ધાર્મિક સ્થિતિ.... | ...૩૦૫ |
| ૫ | કચ્છ, કાઠીયાવાડ વગેરે સ્થળના જૈનો કાને સાંભળે છે કે?... | ...૨૯૮ | ૧૩ | આપણો ઉદય શી રીતે થાય? | ...૩૦૯ |
| ૬ | એક નિશ્ચિંત લક્ષ અને સ્વાધ્યાય. | ૨૯૯ | ૧૪ | વર્ત્તમાન સમાચાર... ... | ...૩૧૦ |
| ૭ | હિમ્મત ને ઇચ્છા શક્તિ... ... | ૩૦૦ | ૧૫ | આચાર્યશ્રી આત્મારામજી મહારાજના સાધુના ચાતુર્માસ. ... | ...૩૧૨ |
| ૮ | તર્ક. .. ... ... ... | ...૩૦૧ | | | |

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ઓગણીશમા વર્ષની અપૂર્વ ભેટ.

# " શ્રી સંબોધ સપ્તતિકા ભાષાંતર. "

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવા રજા લઇએ છીયે કે, દરવર્ષ મુજબ આ વર્ષે પ્રત્યેક જૈન બંધુઓ વગેરેને અનેક જાણવા લાયક તત્વજ્ઞાનની હકીકતો ભરપુર જેમાં આવેલ છે, તેવો ઉપર જણાવેલ ગ્રંથ અમારા કદરદાન ગ્રાહકોને ભેટ આપવાનું પસંદ કરવામાં આવ્યું છે.

આ ગ્રંથ પુર્વાચાર્ય શ્રીમાન્ ગુણવિનયજી ગણિએ સંવત ૧૬૫૧ માં બનાવ્યો છે. આ ગ્રંથમાં મોક્ષફળ વર્ણન, સમ્યગ્દર્શન, અહિંસા, ગુરૂ કહેવા જોઇએ, સામાયિક, બાર ભાવના, પાંચ પ્રકારના મિથ્યાત્વ, શ્રાવકોના ગુણ તથા આગમનું મહાત્મ્ય, સંઘ, જિન આજ્ઞાફળ, નામધારી ગચ્છવર્ણન, પૂજાફળ, ગુરૂવંદન, પૌષધનું સ્વરૂપ વગેરે અનેક વિવિધ વિષયોનું વર્ણન અનેક કથાઓ સહિત આપી, સુંદર અને સરલ બોધદાયક રચના કરી છે. તેમાં આવેલ કેટલાક વિષયોમાં ગ્રંથકાર મહારાજે આગમો અને પૂર્વાચાર્યોકૃત અનેક ઉત્તમ ગ્રંથોની તેની વધારે ખાત્રી માટે જાણ માટે, પૂરાવા તરીકે અનેક સાક્ષીઓ આપી અપૂર્વ કૃતિ કરી છે. જેથી વાંચકોને પઠન પાઠન માટે વારંવાર ઉપયોગી બનાવેલ છે. આ ગ્રંથને મનન પૂર્વક સાદ્યંત વાંચી તે પ્રમાણે વર્તનાર મનુષ્ય પોતાના આત્માને માટે મોક્ષ નજીક લાવી મૂકે છે.

**દરવર્ષે દશ ફારમનીજ ભેટની બુક આપવાનો આ સભાનો સામાન્ય ધારો છતાં જૈન બંધુઓ તરફથી અમુક આર્થિક સહાય જ્યારે મળે છે, છતાં મોંઘવારી હજી પણ સખ્ત હોવાથી ખર્ચ વધારે થાય છે. છતાં આ સભા આ પ્રસંગ ધ્યાનમાં રાખી કેટલાક વખતથી દશને બદલે વીશ પચીશ ફારમનો મોટો ગ્રંથ ભેટ આપે છે. તેમજ આ વર્ષે પણ આ ગ્રંથ પણ શુમારે બાત્રીશ ફારમ બશેંહ પાનાનો, ઉંચા કાગળ ઉપર સુંદર ગુજરાતી ટાઇપથી છપાવી સુશોભિત બાઇન્ડીંગથી અલંકૃત કરી તૈયાર કરવામાં આવેલો છે. જે આટલો મોટો ગ્રંથ દર વર્ષે અને તે એકજ વર્ષને માટે ભેટ આપવાનો ક્રમ માત્ર અમોએજ ચાલુ રાખ્યો છે તે અમારા સુજ્ઞ ગ્રાહક બંધુઓની ધ્યાનમાં હશેજ. શ્રાવણ શુદી ૧૦ થી અમારા માનવંતા ગ્રાહકોને સદરહુ ગ્રંથ લવાજમના લેણા પુરતા પૈસાનું વી૦ પી૦ કરી ભેટ મોકલવામાં આવશે. જેથી અમારા કદરદાન ગ્રાહકોને તેને પાછું વાળી નાહક જ્ઞાન ખાતાને નુકશાન નહિં કરતા દરેક ગ્રાહક સ્વિકારી લેશે એવી નમ્ર વિનંતિ છે.**

**બાર માસ સુધી ગ્રાહક રહી માસિકનો લાભ લીધા છતાં, ભેટની બુકનું વી૦ પી૦ જે ગ્રાહકોને પાછું વાળવું હોય અથવા છેવટે બીજા બ્હાના બતાવી જ્ઞાન ખાતાને નુકસાન કરી ભેટની બુકનું વી૦ પી૦ ન સ્વિકારવું હોય, તેઓએ મહેરબાની કરી એક માસની અંદર અમોને લખી જણાવવું કે જેથી નાહક વી૦ પી૦ નો ખર્ચ નકામો સભાને કરવો પડે નહીં, તેમજ સભાને અને પોસ્ટ ખાતાને નકામી મહેનતમાં ઉતરવું પડે નહીં. તેટલી સુચના સુજ્ઞ ગ્રાહકો ધ્યાનમાં લેશે એવી વિનંતિ છે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# आत्मानन्द प्रकाश.

( પુસ્તક ૧૯ મું. )

પુ. ૧૯ મું. વીર સં. ૨૪૪૭–૪૮. આત્મ સં. ૨૬–૨૭ અંક ૧૨

" सेव्य सदा सद्गुरु कल्पवृक्ष: "

मग्नासंसृतिवारिधौ हतसुखान्दष्ट्वा जनानां व्रजान्
तानुद्धर्तुमना दयार्द्रहृदयो रुन्धेन्द्रियाश्वान् जवात्
जन्तून्मा जहि ज्ञानतः प्रशमय क्रोधादिशत्रूनिति
'आत्मानन्द प्रकाश' मादिशदसौ जीयाज्जिनेंद्र प्रभुः ॥१॥

પ્રગટકર્ત્તા,

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.

( વાર્ષિક મુલ્ય રૂા. ૧–૦–૦ પોસ્ટેજ જુદું. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વાર્ષિક અનુક્રમણિકા.


| નંબર. | વિષયો. | લેખકના નામો. | પાનું. |
|---|---|---|---|
| ૧ | નૂતન વર્ષારંભે માંગલ્ય ભાવના ( પદ્ય ) | ( સંઘવી વેલચંદ ધનજીભાઈ ) | ૧ |
| ૨ | શ્રીમાન વિજ્યાનંદસૂરિને આત્મિક નમન. (પદ્ય) | ,, | ૨ |
| ૩ | નૂતન વર્ષારંભના ઉદ્દગારો. | ( શાહ ફતેહચંદ ઝવેરભાઇ ) | ૩ |
| ૪ | સાધુ સાધ્વી પ્રત્યે નિવેદન રૂપે બે બોલ. | ( મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી ) | ૬ |
| ૫ | જીવનમાં જ્યોતિ પ્રગટાવવા વિભુને પ્રાર્થના. (પદ્ય) | ( શાહ ફતેહચંદ ઝવેરભાઈ ) | ૮ |
| ૬ | ઉદ્દેશની એકતા. | ( શાહ વીઠ્ઠલદાસ મૂળચંદ બી. એ. ) | ૯ |
| ૭ | જીવનમાં વિશુદ્ધમય વાતાવરણો. | ( શાહ ફતેહચંદ ઝવેરભાઈ ) | ૧૫ |
| ૮ | સ્વઓળખાણ સંબંધી સ્થૂલ વિચારણા. | ( વકીલ નંદલાલ લલ્લુભાઇ વડોદરા ) | ૧૯ |
| ૯ | આપણો અમુલ્ય વારસો. | ( શેઠ દેવચંદ દામજી ) | ૨૩ |
| ૧૦ | વીરસ્ય ભૂષણં "ક્ષમા" યાચના ( પદ્ય ) | ( સંઘવી વેલચંદ ધનજીભાઇ ) | ૨૯ |
| ૧૧ | મિચ્છામી દુક્કડં. ( પદ્ય ) | ,, | ૩૦ |
| ૧૨ | ગુરૂગુણ કિર્તન. ( પદ્ય ) | ,, | ૩૦ |
| ૧૩ | જિનધર્મ. | ( ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ ) | ૩૨ |
| ૧૪ | મનોભાવ. ( પદ્ય ) | ( શાહ કલ્યાણચંદ કેશવલાલ વડોદરા ) | ૪૪ |
| ૧૫ | સ્વાવલંબન. | ( શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ બી. એ. ) | ૪૫ |
| ૧૬ | વર્તમાન જગતને કેવા મનુષ્યો જોઇયે છે ! ( પદ્ય ) | ( શાહ ફતેચંદ ઝવેરભાઇ ) | ૫૧ |
| ૧૭ | સમયને અનુસરતું. | ( ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ ) | ૫૨ |
| ૧૮ | આચાર્ય શ્રીમદ્ હીરવિજયસૂરિજી અને જયંતી | ( ફતેહચંદ ઝવેરભાઇ શાહ ) | ૫૫ |
| ૧૯ | વિદ્યાનું દૈવત. ( પદ્ય ) | ( ભટ્ટ શ્યામજી લવજી ) | ૬૬ |
| ૨૦ | સિદ્ધ કૈવલ્ય. ઉત્સવ દિપોત્સવી પર્વ. | ( સંઘવી વેલચંદ ધનજી ) | ૬૭ |
| ૨૧ | આપણામાં ઉચ્ચ કેળવણી પસાર કરવાનો હેતુ. | ( મુનિરાજ શ્રી કર્પૂર વિજયજી ) | ૬૮ |
| ૨૨ | કેશરનો કોયડો કોણ અને ક્યારે ઉકેલશે ! | ( ,, ) | ૭૫ |
| ૨૩ | ચેતનને. ( પદ્ય ) | ( હરગોવનદાસ નાગરદાસ મહારાજની રાધનપુર. ) | ૭૭ |
| ૨૪ | દ્રવ્યનો ઉપયોગ. | ( શા. વિઠ્ઠલદાસ મૂળચંદ બી. એ. ) | ૭૮ |
| ૨૫ | પ્રેરણા અને આરોગ્ય. | ( રા. ભાનુપ્રસાદ ચકુભાઈ બી. એ. પાટણ. ) | ૮૫ |
| ૨૬ | ગ્રંથાવલોકન. | ( સભા. ) | ૮૮-૧૧૧-૧૬૨-૧૮૭-૨૫૯-૨૮૮ |
| ૨૭ | વર્તમાન સમાચાર | (સભા.) | ૮૯-૧૧૦-૧૩૬-૧૬૨-૧૮૪-૨૬૦-૨૮૪-૩૧૦-૩૧૨ |
| ૨૮ | નૂતન વર્ષ. | ( સંઘવી વેલચંદ ધનજીભાઇ. ) | ૯૧ |
| ૨૯ | વ્યભિચાર નિંદા. ( પદ્ય ) | ( રા. પદ્ગુણ. ) | ૯૨ |
| ૩૦ | જૈન શ્રાવક ભાઇ બ્હેનોને અગત્યની સુચના. | ( મુનિરાજ શ્રી કર્પૂર વિજયજી. ) | ૯૩ |
| ૩૧ | પરોપકારી સજ્જનોનો સુંદર સ્વભાવ. | ( ,, ) | ૯૪ |
| ૩૨ | ત્રણ પ્રકારના મિત્ર અને તેનો વિલક્ષણ સ્વભાવ. | ( ,, ) | ૯૪ |
| ૩૩ | વસ્તુપાળ વિરચિત. નરનારાયણ નંદ કાવ્ય. | ( શા. છોટાલાલ મગનલાલ ઝુલાસણ.) | ૯૫ |
| ૩૪ | રાષ્ટ્રીય શાળાના અભ્યાસ ક્રમની રૂપરેખા. | ( મહેતા મનુસુખલાલ કિરતચંદ મોરબી | ૧૦૧-૧૩૧-૧૭૯-૨૦૨ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૩૫ શ્રાવકોની પ્રાચીન ઉન્નતિ. ( ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ ) ૧૦૫

૩૬ પ્રકીર્ણ. ,, ૨૬૧

૩૭ શ્રી વીર સ્તુતિ. ( પદ્ય ) ( શા. વીઠ્ઠલદાસ મૂળચંદ બી, એ. ) ૧૧૫

૩૮ શ્રી જિન સ્તુતિ. ( પદ્ય ) ( પારેખ પ્રભુદાસ બ્હેચરદાસ પાટણ. ) ૧૧૬

૩૯ સાયંકાળે જિનદર્શન. ( પદ્ય ) ( ,, ) ૧૧૬

૪૦ ધર્મસાધન કરવામાં ઢીલ કરવી જોઇએ નહિ. ( મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી ) ૧૧૭

૪૧ સદ્ વિદ્યા. ,, ૧૧૭

૪૨ વિતરાગ કથિત પવિત્ર ધર્મ તું જલદી સેવન કરી લે. ,, ૧૧૮

૪૩ ઉત્તમશીલ. ( શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ બી. એ. ) ૧૧૯

૪૪ જૈન દ્રષ્ટિએ શિક્ષણનું સ્વરૂપ અને જૈન નવીન યુવકો. (ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ) ૧૨૪

૪૫ શું ખરૂં સુખ શાંતિમાં છે? ,, ૧૨૮

૪૬ ચુંટી કાઢેલા સારહિત વચનો. ( મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી ) ૧૨૯

૪૭ પ્રભુ પ્રાર્થના. ( પદ્ય ) ( હરગોવનદાસ નાગરદાસ મહાજની ) ૧૩૩

૪૮ નીતિ વચનો. ( મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી ) ૧૩૩

૪૯ જૈનો અને સ્વદેશી વસ્ત્રો. ,, ૧૩૪

૫૦ આત્મ જાગ્રતિ. ( પદ્ય ) ( કવિ સાંકળચંદ પીતાંબરદાસ અમદાવાદ ). ૧૩૫

૫૧ ઉપમિતિ અંતર્ગત વાકયો. ( મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી ) ૧૩૬

૫૨ એક સુધારો. ( સભા ) ૧૩૮

૫૩ પ્રભુ સ્તુતિ. ( શાહ કલ્યાણચંદ કેશવલાલ વડોદરા ) ૧૩૯–૧૯૦

૫૪ વસંત વિલાસ મહાકાવ્ય. ( શાહ છોટાલાલ મગનલાલ ઝુલાસણ ) ૧૪૦

૫૫ સાચી અને જુઠી સફલતા. ( શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ બી. એ. ) ૧૫૧

૫૬ યોગ દર્શન. ( ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ ) ૧૫૬

૫૭ સાદાઇ અને સ્વતંત્રતા. ,, ૧૫૯

૫૮ વ્હાલાંઓને ઉપદેશ. ( પદ્ય ) ( ભટ્ટ મણીશંકર રતનજી બી. એ. ) ૧૬૧

૫૯ જ્ઞાનારાધન. ( પદ્ય ) ( સંઘવી વેલચંદ ધનજીભાઇ ) ૧૬૫

૬૦ ૭ લેશ્યાનું સ્વરૂપ. ( પદ્ય ) ( કવિ સાંકળચંદ પિતાંબરદાસ અમદાવાદ ) ૧૬૬

૬૧ શ્રાવકની કરણીનું રહસ્ય (ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ) ૧૬૭-૧૯૪-૨૧૫—૨૩૯-૨૬૭-૨૯૧

૬૨ સયંમમાં સુખ કેવી રીતે છે ?, ,, ૧૭૧

૬૩ યોગ્યતાનુકુળ વ્યવસાયની પસંદગી. ( શાહ વિઠ્ઠલદાસ મુળચંદ બી. એ.) ૧૭૩

૬૪ શામાયક કરવા વિષે કવિતા. ( પદ્ય ) (શાહ મનસુખલાલ ડાહ્યાભાઇ વઢવાણ કાંપ ૧૭૮

૬૫ મુબઇનું પાણી લાગવું. ( મહેતા મનસુખલાલ કિરતચંદ ) ૧૮૧

૬૬ ઇતિહાસ અને તેનો ઉપયોગ. ( શાહ છોટાલાલ મગનલાલ ઝુલાસણ. ) ૧૯૦

૬૭ સદવર્તનની ઉચ્ચતા દર્શન. ( પદ્ય ) ( શાહ ફતેચંદ ઝવેર ભાઇ ) ૧૯૮

૬૮ શુદ્ધ વિચાર અને સદ્વર્તન. ( ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ ) ૧૯૯

૬૯ શ્રી મહાવીર પ્રભુનો જન્મ–મહોત્સવ. (પદ્ય) (શા. મનસુખલાલ ડાહ્યાભાઇ વઢવાણ ) ૨૦૫

૭૦ દૃઢ ઇચ્છા શકિત. ( શા. વિઠ્ઠલદાસ મૂળચંદ બી. એ. ) ૨૦૬–૨૪૬

૭૧ સમયના પ્રવાહમાં ( ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ ) ૧૧૦–૨૩૩


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૭૨ શ્રી વીર જયંતિ. ( પદ્ય ) ( નગીનદાસ એમ. વૈદ્ય ડભોઇ ) ૨૧૩
૭૩ શ્રી વીર પ્રભુનું ચારિત્રગાન. ( પદ્ય ) ,, ૨૧૪
૭૪ આધુનિક ઇતિહાસ પ્રત્યે બે દરકારી (શાહ છોટાલાલ મગનલાલ ઝુલાસણ ) ૨૨૦
૭૫ ઉચ્ચ ભાવના. ( ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ ) ૨૨૩
૭૬ ઐતિહાસિક સ્વાધ્યાય. ( પદ્ય ) ( શા. છોટાલાલ મગનલાલ ઝુલાસણ ) ૨૨૫–૨૪૩–૨૭૦
૭૭ મહાવીર પ્રભુનું અદૃશ્ય સ્વરૂપ મનુષ્ય કયારે જોઇ શકે? (ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ) ૨૨૯
૭૮ મનન કરવા યોગ્ય નિતિનાં વાકયો. (એક મુનીશ્રી) ૨૩૩
૭૯ ભિન્ન અપેક્ષાગત જ્ઞાનમય સ્વરૂપ. (પદ્ય) (શાહ ફતેચંદ ઝવેરભાઇ. ) ૨૩૭
૮૦ અંતરાત્માને સદ્‌જ્ઞાન મેળવવા ઉપદેશ ( પદ્ય ) ,, ૨૩૭
૮૧ સાધુ સાધ્વી તથા શ્રાવક શ્રાવિકાની કર્ત્તવ્ય દિશા. ( મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી ) ૨૩૮
૮૨ આધુનીક કથા સાહિત્ય. ( શાહ છોટાલાલ મગનલાલ ઝુલાસણ ) ૨૫૨
૮૩ શ્રીમાન્ હેમચંદ્રાચાર્યનું જીવન વૃતાંત. ( ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ ) ૨૫૬–૨૭૨
૮૪ નિર્વિકલ્પ દશાનું સામર્થ્ય. ( પદ્ય ) ( શાહ ફતેહચંદ ઝવેરભાઇ ) ૨૬૩
૮૫ પરમ પદના અભિલાષીની વ્યકિત રૂપે મુકિત. ( પદ્ય ) ,, ૨૬૩
૮૬ મહાવીર પ્રભુની મુર્તિને. ( પદ્ય ) ૨૬૪
૮૭ સાચો હિતમાર્ગ. ( મુનિરાજ શ્રી કપૂરવિજયજી ) ૨૬૪
૮૮ શ્રી હિતશિક્ષાના રાસમાંથી સ્ત્રી પુરૂષે લેવા યોગ્ય સુંદર બોધ. ,, ૨૬૬
૮૯ સંભાષણ કુશળતા. ( શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ બી. એ. ) ૨૭૬
૯૦ સાચા સુખના અર્થીજનોએ નિઃસ્વાર્થ જીવન ગાળવાની જરૂર (મુનિરાજશ્રી કર્પૂરવિજયજી)૨૮૨
૯૧ જયંતિ ઉજવવાનો હેતુ. ,, ૨૮૩
૯૨ આ સભાનો છવીશમો વાર્ષીક મહોત્સવ. ( સભા ) ૨૮૬
૯૩ પૂજ્યપાદ શ્રી આત્મારામજી મહારાજ શ્રીની જયંતી. ( મળેલું ) ૨૮૪–૨૮૭
૯૪ માનવ વિભૂતિ. ( સંઘવી વેલચંદ ધનજી ) ૨૮૯
૯૫ જૈન શાસનની રક્ષા અને પુષ્ટિનો માર્ગ. ( મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી ) ૨૯૦
૯૬ પુષ્પાંજલી. ( શા. છોટાલાલ મગનલાલ ) ૨૯૫
૯૭ કચ્છ કાઠીઆવાડના જૈન કાને સાંભળે છે કે ? ( મુનિ૰ શ્રી કર્પૂરવિજયજી ) ૨૯૮
૯૮ એક નિશ્ચિંત લક્ષ. ,, ૨૯૯
૯૯ હિંમતને ઇચ્છાશકિત. ,, ૩૦૦
૧૦૦ તક. ,, ૩૦૧
૧૦૧ જગતની મહાન વસ્તુ ચારિત્ર્ય. ,, ૩૦૨
૧૦૨ કરકસર. ,, ૩૦૨
૧૦૩ જૈનોમાં કેળવણી. ,, ૩૦૩
૧૦૪ આપણી ધાર્મિક સ્થિતિ. ( ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ ) ૩૦૫
૧૦૫ આપણો ઉદય શી રીતે થાય ? ( મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ ) ૩૦૯
૧૦૬ આચાર્ય મહારાજશ્રી આત્મારામજી મહારાજના પરિવારના ચાતુર્માસ. ૩૧૨


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

तत्त्ववेदिष्वात्मनोऽन्तर्भावमभिलषता सकलकालं सर्वेण स्व-
विकल्पजल्पाचरणानां सार्थकत्वं यत्नतः परिचिन्तनीयम्,
तद्वेदिनां च पुरतःकीर्तनीयम्, ते हि निरर्थके-
ष्वप्यात्मविकल्पजल्पव्यापारेषु सार्थकत्वबुद्धिं कुर्वा-
णमनुकम्पया वारयेयुः ।

पुस्तक १९ ] वीर संवत् २४४८ अषाड. आत्म. संवत् २६. [ अंक १२ मो.

## मानव–विभूति.

( ગઝલ સોયણી. )

અતિ પૂન્યના ઉત્કર્ષથી, માનવ વિભૂતિ મેળવી;
હે ! ભ્રાત ! આ ભવ સાયરે, નૌકા ગણી લે કેળવી. ૧
તરી પાર જાવા સાધનો, જે જે કહ્યાં વિદ્વદ્જને;
ગૃહિ સફલ કર સુપ્રયોગ સુંદર, શિવ વધુ વરશે તને. ૨
છે પાપ કેરા સ્થાન અષ્ટા–દશ કહ્યાં આગમ વિષે;
ત્યાં ધર્મ સ્થાન ચતુષ્ક છે તે, નિત્ય મુનિવર ઉપદિશે. ૩
ત્યાગો ગૃહો તદ્ વિધથી, સમ્યગ્ પ્રકારે સાંભળી;
ઇપ્સિત પૂર્ણ થવા તમોને, માર્ગ દર્શકતા મળી. ૪
વ્યવહારને નિશ્ચય સુમાર્ગે, સાધ્ય દષ્ટિ રાખજો;
ઉત્સર્ગને અપવાદ ઘટના, હૃદય પટ પર થાપજો. ૫
વળી નિમિત્ત ઉપદાનની, સહુ કાર્ય કારણ ભાવમાં;
સમજણ લહી આગળ વધો, વેગે જશો કૈલાસમાં. ૬

વેલચંદ ધનજી.

For Private And Personal Use Only

# જૈન શાસનની રક્ષા અને પુષ્ટિનો સરલ માર્ગ.

જૈન સમાજમાં સંવેગી ( ત્યાગી ) ગણાતા સાધુ સાધ્વીઓની સંખ્યા સારા પ્રમાણમાં છે. બહોળે ભાગે સમાજને દોરવા, ઉપદેશ દેવા તેમને જ સુપ્રત થયેલ છે. તેથી જ જો ત્યાગી લેખાતા સાધુ સાધ્વીઓ પોતાની જવાબદારી સમજી, જેવી તેવી નજીવી વાતો–વિકથાઓમાં પોતાનો અને પરનો અમૂલ્ય સમય ગમાવી નહી દેતાં તત્ત્વજ્ઞાનનો અભ્યાસ રૂડી રીતે જાતે કરી, પોતાની તત્ત્વશ્રદ્ધા નિર્મળ ને નિઃશંકિત બનાવી, જો તેઓ પોતાનું ચારિત્ર્ય ઉત્તમ પ્રકારે ઘડવા તથા તપ જપનું સેવન કરવા ઉજમાળ બને તો તેમનાં ઉપદેશની અથવા સદ્વર્તનની છાપ સમાજ ઉપર ઓર જ પડે અને પવિત્ર શાસનની સહેજે રક્ષા અને પુષ્ટિ થવા પામે. પ્રથમ આગેવાન લેખાતા સાધુ સાધ્વીઓ જો સમયને ઓળખી, નકામી આળપંપાળ છોડી કેવળ આત્માર્થીપણે સ્વપર હિત સાધનમાં જ ઉજમાળ થઈ રહે તો તેમના આશ્રય તળે રહેનારા કઈક ભવ્યાત્માઓ ઉપર તેની અજબ અસર થવા પામે જ. જૈન સમાજ અને શાસનનો ઉદય નજદીકમાં થવા નિર્મિત્ત હોય તો જ પ્રત્યેક આગેવાન સાધુ સાધ્વીને આવી સદ્બુદ્ધિ સૂઝે. જો કે અત્યારે કોઈ કોઈ વિરલ સદ્ભાગી સાધુ સાધ્વી તો પોત પોતાથી બનતું સ્વપર હિત કરવા ઉજમાળ રહેતા જ હશે, તોપણ તેમાંનો મોટો ભાગ ત્યાગી વેષ સજવા છતાં ભાગ્યે જ સ્વકર્તવ્યને યથાર્થ સમજતો હશે. તો પછી યથાર્થ વર્તનનું તો કહેવું જ શું ? જો કે અદ્યાપિ ભોળા–ભદ્રિક જનો ગમે તેવા ભાવથી વર્તમાન સાધુ સાધ્વીઓને માને–પૂજે છે, તોપણ ખરા આત્માર્થી સાધુ સાધ્વીઓએ તો તેથી લગારે ફૂલાઈ નહી જતાં સાધુપણાની પોતાનામાં કેટલી પાત્રતા છે તેનોજ સરલતાથી વિચાર કરી, 'ધન્ય તે મુનિવરારે જે ચાલે સમ ભાવે' ઇ૦ શ્રી મદ્યશો૦ કૃત ૩૫૦ ગાથાવાળું શ્રીમંધર સ્વામીનું સઘળું સ્તવન સરહસ્ય શાન્તિ પૂર્વક અવધારી જવું ઘટે છે. વધારે નહીં તો શ્રીમદ્ યશો૦ કૃત સ્તવન, સઝાય, પદાદિકને જરૂર અવગાહી જવાં ઘટે. આત્માર્થી પણે એમ કરવાથી કવચિત્ ભાગ્યયોગે આપણી ખામી આપણને યથાર્થ સમજાઈ જાય, અને તે ખામી સુધારી લેવા આપણામાં ખરી લાગણી પ્રગટવા પામે અને જો પ્રમાદ માત્રને તજીને ખામી દૂર કરી શકાય તોજ આ સાધુ વેષ ચરિતાર્થ ગણાય--કહો કે સાર્થક લેખાય. તેમ કર્યા વગર તો શ્રીમદ્ કહે છે તેમ ' જેમ જેમ બહુ શ્રુત, બહુ જન સંમત, બહુ શિષ્યે પરવરિયો, તેમ તેમ જિન શાસનનો વૈરી જો નહી નિશ્ચય દરિયો૦ ઈ૦ વચનોનું ઉંડું રહસ્ય પરભવ ભીરૂ ગીતાર્થ ગુરૂની પાસે સમજવા જેવું છે. ' નવરો માણસ નખોદ વાળે ' એ વચન પણ ગંભીરાર્થ છે. નકામી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાફાટોળ તજી દઈ આ પવિત્ર ત્યાગી વેષને સાર્થક કરવા ઇચ્છતા દરેક સાધુ સાધ્વીએ પોતાની ઉચિત ફરજ યથાર્થ સમજીને પ્રમાદ રહિત આદરવી ઘટે છે. નવો યુગ–જમાનો, વાક ચતુરાઈ માત્રથી લોકો રીઝી જાય એવો નથી, પણ ખરા ચારિત્ર્ય બળની કિંમત કરે એવો છે. એમ સમજી આત્માર્થી પણે માની આપણી શિથિલતા સુખ શીલતા દૂર કરવા, પારકી નિંદા–ટીકા કરવાનું તજી હંસ પેરે ગુણ માત્ર ગ્રહણ કરવા, જાતે સાદાઈ સજી પ્રેમથી અન્યને આકર્ષવા સહુએ શાસન પ્રેમી થવું જોઈએ.

લે૦ મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

—✻—

# શ્રાવકની કરણીનું રહસ્ય.

## કરણી ૭ મી.

### " श्रुतं न किं धर्मशास्त्रं च. "

### " કયું ધર્મ શાસ્ત્ર સાંભળ્યું નથી ? "

છઠી કરણીથી શ્રાવક જ્યારે વિચાર કરે છે કે–" મેં સાતપુણ્ય ક્ષેત્રમાંથી કયું ક્ષેત્ર ફરસ્યું નથી ? " એ વિચાર કર્યા પછી તે સાત પુણ્ય ક્ષેત્રોનું મહાત્મ્ય શાસ્ત્રમાં હોવાથી તેને શાસ્ત્ર શ્રવણ કરવાની આવશ્યકતા આવે છે, જો શ્રાવકે ઉત્તમ પ્રકારના ધર્મ શાસ્ત્રો સાંભળ્યા હોય તો તે પોતાના ધાર્મિક અને વ્યવહારિક કૃત્યોને યથાર્થ રીતે સમજી શકે છે. તેથી શ્રાવકને છેલ્લી સાતમી કરણી રૂપે શાસ્ત્ર શ્રવણની આવશ્યકતા દર્શાવેલી છે. શાસ્ત્રના શ્રવણથી કેવા કેવા લાભ થાય છે ? તેને માટે પૂર્વાચાર્યોએ ઉત્તમ પ્રકારે પ્રતિપાદન કરેલું છે. શાસ્ત્રના વાંચન અને શ્રવણથી મનોવૃત્તિને સારી કેળવણી મલે છે. જ્યારે મનોવૃત્તિ કેળવાએલી થાય તો પછી તેની અસર વર્ત્તન ઉપર થયા વિના રહેતી નથી. તે ઉપરથી અનુભવી વિદ્વાનો કહે છે કે, શાસ્ત્ર વાંચન અથવા શાસ્ત્ર શ્રવણ એ સદ્વર્ત્તનના અદ્વિતીય શિક્ષકો છે. શાસ્ત્ર શ્રવણની શક્તિ ઘણી ગહન અને ચિર સ્થાયિની છે. તેના અભ્યાસથી હૃદયના નિર્મળ ક્ષેત્રમાં સદ્વિચારના અંકુરો ફુટી નીકળે છે. તેને માટે એક વિદ્વાન્ નીચેનું પદ્ય લખે છે.

**आगम श्रवणाभ्यास मेघतः सिक्त मानसे**
**सत्क्षेत्रे सद्विचाराणामंकुराः स्युः शुभाः स्फुटम् ॥ १ ॥**

" શાસ્ત્ર શ્રવણના અભ્યાસ રૂપ મેઘના જલથી સિંચન થયેલા હૃદયરૂપ ઉત્તમ ક્ષેત્રમાં સદ્વિચારોના ઉત્તમ અંકુરો સ્પષ્ટ થાય છે. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પદ્યના કથન ઉપરથી શાસ્ત્ર શ્રવણનો અનુપમ મહિમા કેવો છે? તે જણાઈ આવે છે.

વળી આગમ—શાસ્ત્ર શ્રવણથી અમુક પ્રકારનો સંસ્કાર જ્ઞાનતંતુ અને મગજમાં મુકાય છે, કેટલા એક સંસ્કારો અન્ય જન્મમાં જાગ્રત થાય છે. ત્યારે શાસ્ત્ર શ્રવણનો સંસ્કાર આ જન્મમાંજ જાગ્રત થાય છે. શાસ્ત્રના શ્રવણ કરવામાં પણ ઉપયોગ રાખવાની જરૂર છે. ઉપયોગ પૂર્વક શ્રવણ કરેલું શાસ્ત્ર સદ્‌વિચારની ભાવનાને પ્રગટ કરે છે. જો તે ભાવનામાં હૃદયનું સમગ્ર બળ અર્પણ કરવામાં આવે તો તેના સંસ્કાર પ્રત્યક્ષ થયા વિના રહેતા નથી. હૃદય બળવાળી ભાવના અસાધ્ય પણ સાધક બને છે, વિદ્વાનોએ મનને મર્કટની ઉપમા આપેલી છે. મનની ચંચળતા અસાધારણ ગણાય છે. તથાપિ જો શાસ્ત્ર શ્રવણનો અભ્યાસ હોય તો તેવા ચંચળ મનને પણ તે શ્રૃંખલા રૂપ થઈ પડે છે. ચંચળ મન ક્ષણવારમાં હજારો વિચારો બાંધે છે. તેમાં કેટલા એક ખોટા અને કેટલા એક ખરા વિચારો પણ બંધાય છે. જો સદા શાસ્ત્ર શ્રવણનો અભ્યાસ હોય તો ખરા અને ખોટા વિચારનો વિવેક કરવાનું શિક્ષણ પ્રાપ્ત થયા વિના રહેતું નથી. વળી શાસ્ત્ર શ્રવણનો અભ્યાસ સતત્ હોય તો ગૃહસ્થાવાસમાં રહ્યા છતાં પણ માણસ વાસના વગરનો વ્યવહાર કરી શકે છે. જ્યારે વાસના નિર્મૂલ થઈ ગઈ તો પછી ઉપદેશનો પ્રભાવ હૃદય ઉપર સારી અસર કરે છે. જે અસરથી મનને વિક્ષેપ ઉપજતો નથી, નકામી નકામી પ્રવૃત્તિ થતી નથી અને મન ગમે તેવી દોડ ઉપર ચડતું નથી, શાસ્ત્ર શ્રવણના અભ્યાસ ઉપર આરૂઢ થયેલું મન સંતોષ, શાંતિ, કર્ત્તવ્ય પરાયણતા એ આદિ શુભ ભાવનાના સુખનો આનંદ મેળવી વૈરાગ્યનો પૂર્ણ અનુભવ પ્રાપ્ત કરી શકે છે.

આ પ્રમાણે શાસ્ત્ર શ્રવણનો અદ્‌ભુત મહિમા પૂર્વાચાર્યોએ સ્થળે સ્થળે દર્શાવ્યો છે. તેવા શાસ્ત્રના શ્રવણથી શ્રાવક પોતાના ગૃહસ્થાવાસને અંગે શ્રાવક જીવનની કૃતાર્થતા કરી શકે છે.

અહીં શાસ્ત્ર એ શબ્દથી જિનાગમનું ગ્રહણ કરવાનું છે, કારણ કે જે નિર્દોષ, નિષ્પક્ષપાત અને શુદ્ધ ધર્મ, આચાર અને કર્ત્તવ્યને પ્રતિપાદન કરનાર હોય એજ શાસ્ત્રો કહેવાય છે. તે શિવાય બીજાં શાસ્રો ગણાતા નથી. છતાં પણ જો કોઈ શાસ્ત્ર તેવા લક્ષણવાળા હોય તો ગ્રાહ્ય થઇ શકે છે. જે શાસ્ત્રો જોવાથી, સાંભળવાથી, સોબતથી અને વાંચવાથી અનેક જાતના ઉત્પન્ન થયેલા અનુચિત વિચારોને ફેરવી શકે અને જેનાથી મન ઉપર ઉત્તમ પ્રકારની અસર થઇ શકે તેવાજ ગ્રંથો **શાસ્ત્ર** એ નામને ઉચિત ગણાય છે. જે શાસ્ત્રો કામવૃત્તિ પ્રવર્ત્તે તો સ્ત્રીના સંગથી જુગુપ્સાનો વિચાર કરાવે, લોભ પ્રવર્ત્તે તો લાભની અનિત્યતાનો વિચાર કરાવે અને ક્રોધ પ્રવર્ત્તે તો ક્રોધના કારણની તુચ્છતાનો વિચાર કરાવે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ વિરૂદ્ધ વિરૂદ્ધ વિચારો એક એકથી ક્ષીણ કરી શાંત પડાવે, તેજ શાસ્ત્રો કહેવાય છે. કુવિચારની ધારાને તોડી સુવિચારની ધારાને પ્રવર્ત્તાવવામાંજ શાસ્ત્રોનું શાસ્ત્રત્વ રહેલું છે. સર્વથા સાત્વિક વિચાર અને અભેદ ભાવનામાં જે રીતે હૃદય ગરક થઈ રહે તેમ કરવામાંજ શાસ્ત્રના શ્રવણનો ઉપયોગ છે.

આ પ્રસંગમાં એક જિજ્ઞાસુ ગૃહસ્થે પોતાના સંયમી ગુરૂને પ્રશ્ન કર્યો હતો કે–"ભગવાન્! અમે ગૃહસ્થાવાસમાં પડેલા જનો વ્યવહાર માર્ગમાં દોડયા કરીએ છીએ. અમારી મનોવૃત્તિ વ્યવહારના અનુચિત વિચારોથી દબાઈ જાય છે, તો અમને શાસ્ત્ર શ્રવણ કરવાથી જોઇએ તેવો લાભ મળી શકતો નથી. ફુટેલા પાત્ર જેવા અમારા હૃદયમાં શાસ્ત્રોપદેશ ટકી શકતો નથી. તો તેનો ઉપાય કૃપા કરી બતાવો. જિજ્ઞાસુના આ પ્રશ્ન ઉપરથી ગુરૂએ કહ્યું કે–"ભદ્ર! તમારો પ્રશ્ન યોગ્ય છે. તેના સમાધાનમાં કહેવાનું કે તમારૂં વિચારવાળું મન વ્યવહારના કર્ત્તવ્યને લઇને ગમે ત્યાં ઉડે પણ પક્ષી જેમ પોતાના માળામાં આવ્યા વિના શાંતિ પામતું નથી, તેમ ધર્મની ઉત્તમ ભાવનાના આનંદ ભવનમાંજ વિરામ લેવાને તુરત તેને પાછું વાળી લાવવું. જ્ઞાની અને અજ્ઞાનીમાં એજ ફેર છે કે જ્ઞાની ગમે ત્યાં હોય, ગમે તે કરે પણ તે ધર્મના પવિત્ર શિખરની દૃષ્ટિથી ચુકતો નથી. અને અજ્ઞાની વારંવાર ચુકી જઈ પ્રયાસે કરી પાછી તે દૃષ્ટિ પ્રાપ્ત કરે છે." મહાત્માના આ વચન સાંભળી તે જિજ્ઞાસુના હૃદયને પરમ સંતોષ પ્રાપ્ત થયો હતો.

શાસ્ત્ર શ્રવણનો આવો મહિમા જાણી પ્રત્યેક શ્રાવકે તેનો અભ્યાસ રાખવાનો છે. અને તેથી જ વિશ્વોપકારી ભગવાન્ તીર્થંકરોએ શ્રાવકની સાતમી કરણી તરીકે શાસ્ત્રના શ્રવણનો વિચાર કરવા ઉપદેશ્યું છે. શાસ્ત્રના શ્રવણનો સતત્ અભ્યાસી શ્રાવક પોતાની ધાર્મિક અને વ્યવહારિક–ઉભય સ્થિતિની ઉન્નતિ મેળવી શકે છે; એટલું જ નહીં પણ છેવટે પરમ પદનો અધિકારી થઇ શકે છે.

આર્હત આગમમાં એક સ્થળે એટલે સુધી લખેલું છે કે, "સંસારના નિત્ય વ્યવહારમાં અનેક પ્રકારની પ્રકૃતિઓના સંસર્ગમાં આવવું પડે છે. તેવે પ્રસંગે ચંચળતાને ધારણ કરનારી મનોવૃત્તિ પોતાના યોગ્ય કર્ત્તવ્યને ભુલી જઈ ઇતર માર્ગે દોડી જાય છે, તેવી મનોવૃત્તિને જો શાસ્ત્ર શ્રવણનો યોગ હોય તો તે કદિ પણ વિપથ ગામિની થતી નથી. શાસ્ત્ર શ્રવણના સંસ્કારથી અંકિત થયેલું હૃદય એવું કુશળ બની જાય છે કે તેવા હૃદયવાળો મનુષ્ય પોતાના વ્યવહારિક કાર્ય જેટલો જ સંબંધ રાખી પોતાના મુખ્ય નિશ્ચયમાં વિક્ષેપ થવા દેતો નથી. તે શુભ નિશ્ચયને વિરાધી એવા વિચારમાં દોરાઈ જતો નથી પણ પોતાના શુભ વિચારમાં અન્ય જનો દોરાય તેમ કરવાનો યત્ન રાખે છે. તે આહાર, વિહાર, વિચાર, વાંચન, સંગતિ અને વ્યવહાર આદિ સર્વ વાતોમાં મનોવૃત્તિને નિયમિત રાખે છે. કોઈ સ્થાને અતિ–આગ્રહ કે અનાદરની બુદ્ધિ રાખતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઈ મનુષ્ય કે પદાર્થ આદિના અભાવે તેને કલેશ થતો નથી, તેનામાં સર્વ પ્રકારની પૂર્ણતા આવે છે, આશાઓ અને ઇચ્છાઓ પૂર્ણ કરવાની પણ તેને દરકાર રહેતી નથી, તેની દૃષ્ટિ કોઈ દિવ્ય પ્રકારે ખુલી જાય છે. અને તેના અંતઃકરણ રૂપ દર્પણમાં વિવેકનો શુદ્ધ પ્રકાશ પ્રતિબિંબિત થવાથી તેની ભાવના ભવ્યતાથી ભરપુર રહ્યા કરે છે.

આવી રીતે શાસ્ત્રશ્રવણનો મહિમા કહેવામાં આવ્યો. હવે જેનામાં એ શાસ્ત્ર શ્રવણની કરણીનો અભાવ છે, તે શ્રાવકની શી સ્થિતિ થાય છે ? અને તેને કેવા ગેર લાભ થાય છે, તે વિષે સંક્ષેપમાં દિગદર્શન કરવાની અત્રે આવશ્યકતા છે. જેને શાસ્ત્ર શ્રવણનો અભ્યાસ નથી, તેવો શ્રાવક અનેક જાતના દુર્ગુણોનો સંપાદક બને છે. તેના હૃદયમાં ધર્મની શીતળ છાયા પડેલી ન હોય, તેથી તે આ સંસારના પરિતાપથી પરિતપ્ત રહ્યા કરે છે. હર્ષ, શોક, રાગ, દ્વેષ, કામ, ક્રોધ, મદ અને મોહ વિગેરે દુર્ગુણો તેના હૃદયને સતત્ દબાવ્યા કરે છે. તેના ચિત્તને વ્યાધિ જડતા, સંશય, પ્રમાદ, આલસ્ય, વિષય ભોગેચ્છા, વિપરીત જ્ઞાન, ચંચળતા, અને અસ્થિરતા, એ નવ પ્રકારના ચિત્ત વિક્ષેપ સદા આકુલ–વ્યાકુલ કર્યા કરે છે. શાસ્ત્રશ્રવણ વિના શુષ્ક થયેલા તેના હૃદયમાં મૈત્રી, પ્રેમ આદિ ભાવનાઓ પ્રગટ ન થવાથી તેના હૃદયમાં કદિ પણ આર્દ્રતા કે વિવેક ઉત્પન્ન થતો નથી. તેમજ તેનું સંસ્કાર રહિત થયેલું હૃદય પુણ્યના માર્ગને નહીં પસંદ કરતાં પાપના માર્ગ તરફ દોડ્યા કરે છે.

આવા આવા અનેક દોષોને લઈને પ્રત્યેક શ્રાવકને શાસ્ત્ર શ્રવણ કરવાની આવશ્યકતા છે. શાસ્ત્ર શ્રવણરૂપ કરણીને આચરનારો શ્રાવક કદિપણ ધર્મ ભ્રષ્ટ થતો નથી, દરેક શ્રાવકના હૃદયમાં શાસ્ત્ર શ્રવણની ભાવના થવી જોઈએ. અને તેને માટે વિચાર કરવો જોઇએ "મેં કયું શાસ્ત્ર સાંભળ્યું છે? તે સાંભળેલા શાસ્ત્રમાંથી કશો સાર લીધો છે ? હવે મારે કયું શાસ્ત્ર સાંભળવું જોઈએ ? શાસ્ત્રના શ્રવણથી મને શો લાભ પ્રાપ્ત થયો છે ?" આવા આવા વિચારો શ્રાવકના હૃદયમાં પ્રતિદિન પ્રગટવા જોઇએ. જ્યારે એવા વિચારો પ્રગટે ત્યારેજ શ્રાવકમાં શ્રાવકત્વ ખીલી નીકળે છે; તેથી પ્રત્યેક શ્રાવકને આ સાતમી કરણીનો સદ્‌વિચાર કર્ત્તવ્ય છે. અને જયાંસુધી એ કર્ત્તવ્ય અદા થયું નથી. ત્યાંસુધી તેનું શ્રાવકત્વ સંપૂર્ણ ગણાતું નથી.

આ પ્રમાણે શુદ્ધ સમ્યક્ત્વને ધારણ કરનારા શ્રાવકને માટે આ સાત પ્રકારની કરણી અત્યંત આદરણીય છે. એ કરણી સંબંધી વિચાર કરવાને માટેજ ધર્મ જાગરિકા કરવાને કહેલું છે. જ્યારે રાત્રિ ચાર ઘડી બાકી રહે ત્યારે જાગ્રત થયેલા શ્રાવકે પ્રથમ પંચપરમેષ્ટીનું સ્મરણ કર્યા પછી આ સાત કરણીનું સ્મરણ કરવાનું કહેલ છે. અને તેમાંજ ધર્મ જાગરણનો ઉત્તમ હેતુ રહેલો છે. ધર્મ જાગરિકાથી જાગ્રત થયેલા શ્રાવકના હૃદયમાં " **હું કોણ છું ? મારી શી અવ-**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સ્થા છે ? મારામાં શો ગુણ છે ? મારામાં કેવા નિયમો છે ? સાત ક્ષેત્રોમાંથી મેં કયું ક્ષેત્ર ફરસ્યું નથી ? અને મેં કયું ધર્મ શાસ્ત્ર સાંભળ્યું નથી ?** " આવી સાત કરણી ના વિચારો પ્રગટ થવાથી તે પોતાના સ્વરૂપનો સંપૂર્ણ જ્ઞાતા બને છે અને પછી તે પોતાના શ્રાવકત્વના નિત્ય કર્ત્તવ્યમાં જોડાય છે.

ધર્મ જાગરિકા કરી સાત કરણીનો વિચાર કર્યા પછી શ્રાવકે શું કરવું જોઈએ ? તેને માટે નીચેનું પદ્ય લખેલું છે.

**त्रमाप्य चेत्थं समये दयालु रावश्यकं शुद्धमनांऽगवस्त्रः**

**जिनेंद्र पूजां गुरुवंदनं च समाचरेन्नित्य मनुक्रमेण ॥ १ ॥**

આવી રીતે સાત કરણીનો વિચાર કર્યા પછી શ્રાવકે યોગ્ય અવસરે શુદ્ધ મન અને શુદ્ધ વસ્ત્ર સહિત થઇ સામાયિક-આદિ છ આવશ્યક કરવા અને તે પછી નિત્ય અનુક્રમે જિનેંદ્ર પૂજા અને ગુરૂવંદન કરવા. ૧

અહીં શ્રાવક કરણીનો વિષય સમાપ્ત થાય છે. આ ગંભીર હેતુવાળો વિષય પ્રત્યેક શ્રાવકે મનનપૂર્વક વાંચવાનો છે. આ વિષયનું મનનપૂર્વક વાંચન કરવાથી પ્રત્યેક કરણીનું ઉત્તમ રહસ્ય તેના સમજવામાં આવશે જ્યારે એ રહસ્ય હૃદયારૂઢ થશે ત્યારે પોતાની કેટલી યોગ્યતા છે અને પોતે કેવો અધિકારી છે, એ વાત તેના લક્ષ્યમાં આવી શકશે. આથી શ્રાવક કરણીનો આ વિષય પ્રત્યેક શ્રાવકને સંપાદનીય અને આદરણીય છે.

# પુષ્પાંજલી.

(લેખક-છોટાલાલ મગનલાલ શાહ, ઝુલાસણ.)

જૈન સમાજમાં શ્રી આત્મારામજીનું જીવન અક્ષય રહેશે, જૈન-સમાજના ઇતિહાસની વીસમી-સદીમાં શ્રી આત્મારામજીનો ઉદ્ભવ ન થયો હોત તો તે પ્રાણ વિનાનું શરીર ભાવ વિનાનો સત્કાર અર્થાત્ એકડા વિનાના મીંડા સમાન શૂન્ય રહેત-નિસત્ત્વ રહેત.

ત્રણસો-ચારસો વર્ષ જેટલો દીર્ઘકાળ વ્યતીત થયા પછી, કર્મ યોગી, ચારિત્ર-યોગી અને સાહિત્ય-યોગીનું સ્થાન પ્રાપ્ત કર્યું હોય તો તે પૂજ્ય આત્મારામજી છે. યુરોપમાં જૈનોના સાધુ તરીકેની પવિત્ર છાપ પાડી હોય તો તે પુજ્ય આત્મારામજી.

પૂજ્ય આત્મારામજી તે કોણ ? જૈન સમાજના વિવેકાનંદ. જૈનેતરમાં વિવે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાનંદે તે સમયે જે ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. તેજ ખ્યાતિ જૈન સમાજમાં શ્રી આત્મારામજી એ પ્રાપ્ત કરેલ છે. જેનામાં બ્રહ્મતેજ, ક્ષાત્રતેજ અને જૈન–તેજનું મિલન હતું. જેના પવિત્ર ચારિત્ર–પ્રભાવે અનેક પ્રતિપક્ષિઓનાં હૃદયો પ્રત્યક્ષ આવતાં પૂજ્ય ભાવથી આર્દ્ર થતાં.

જૈન–સમાજમાં અજ્ઞાન- તમિસ્રા વ્યાપિ હતી, આર્યસમાજ અને ઢુંઢકમતના ઉપદેશકો શ્વેતાંબર જૈનોને સ્વધર્મથી પ્રચલિત કરતા, આ સમયે પંજાબ આર્યસમાજનું કેંદ્રસ્થાન ગણાતું. પ્રખર ઉપદેશકો સ્થળે સ્થળે સભાઓ ભરી ભાષણો દ્વારા અનેક જનોને પોતાની જાળમાં સપડાવતા અર્થાત્ દિવસે દિવસે શ્વેતામ્બર જૈનોની સંખ્યા ક્ષુણ્ણ થતી હતી. તે સમયે પંજાબમાં આર્ય સમાજ કે અન્ય વિદ્વાનના સામે જ્ઞાનમાં ટક્કર ઝીલે તેવો એક પણ સાધુ કે ગૃહસ્થ નહોતો. ચારે બાજુથી જૈન શ્વેતામ્બર સમાજ ઉપર આક્ષેપ–વૃષ્ટિ વરસતી હતી પણ પ્રયુક્તિ દ્વારા પ્રત્યુત્તર આપી શકે તેવો એક પણ વિદ્વાન તે સમયે અસ્તિત્વ નહોતો ધરાવતો. તે સમયે જૈન સમાજમાં જ્ઞાન અને ચારિત્રમાં પ્રભાવશાળી પુરૂષની અત્યંત જરૂર હતી. અજ્ઞાન તમિસ્રાને ભેદનાર જાજ્વલ્યમાન સૂર્યની જરૂર હતી. તેવા કટોકટીના પ્રસંગે સ્વયંભુ રીતે સંકીર્ણ અને ક્ષુદ્ર દ્રષ્ટિ વાળા ક્ષેત્રમાંથી ઉપયુક્ત મહાન્ આત્મ જ્યોતિ પ્રકાશી ઉઠી. એક બાજુ અનેક ઢુંઢીયા–સાધુઓનું દબાણ થયેલ છતાં, પોતે કેટલાય વર્ષ દીક્ષા પાળ્યા છતાં, પોતાની ઢુંઢીયા–સમાજમાં અનુપમ કીર્ત્તિ પ્રસર્યા છતાં તે સર્વને પોતાના સત્ય માર્ગ આગળ તૃણ સદશ સમજી–ત્યાગ કરી જન્માંતર ગ્રહણ કર્યો.

જીવનને રૂપાંતર આપ્યા પછી, પ્રતિભાશાળિ, વિદ્વદ્વર્યોએ રચેલ શાસ્ત્ર સંગ્રહ સાદ્યંત વાંચ્યો–અરે મનન કરી, આશય સમજી કૃતકૃત્ય થયા.

કર્મ–યોગી હીરવિજયસૂરિ અને પ્રખર જ્ઞાન–યોગી યશોવિજયજીને થઈ ગયે ત્રણસો–ચારસો વર્ષ વીતી ગયાં હતાં. તેમના થઇ ગયા પછી સમાજનો જુસ્સો નિઃસત્ત્વ થતો જતો હતો. પોતાના કર્ત્તવ્યથી પતિત પામતો હતો. પ્રમાદ અને અજ્ઞાનનું સામ્રાજ્ય વ્યાપતું હતું. પોતાના શૌર્યનો જુસ્સો શમ્યો હતો, વિવાદનો શોખ વધતો હતો. અર્થ–ચિંતામાં ગૃહસ્થો દિનરાત ચિંતાતુર રહેતા હતા, સાધુઓ પણ પોતાના કર્ત્તવ્યથી ભ્રષ્ટ થતા જતા હતા પંડિત મટી પતિત, ઉદ્યોગી મટી પ્રમાદી, શાસ્ત્રી મટી વિતંડાવાદી થયા હતા. આ પ્રમાણે થયું હોય એમ પ્રમાણો નિહાળતાં તો સિદ્ધ થાય છે. નિકટ સમયમાં થઇ ગયેલા યશોવિજયમહારાજના અનેકપ્રસિદ્ધ ગ્રંથો વિનાશ પામ્યા છે. કેટલાક ગ્રંથો કોઇયે વાંચ્યા પણ નથી. એજ તેનાં જયવંત પ્રમાણો છે.

મરણાન્ત વૃક્ષને પાણીનું સેચન અદ્વિતીય જીવન આપે છે. તેમ વિનાશ–મુખ પ્રતિ ધસડાતા જૈન સમાજને તેવા પ્રાણ સેચન–માલીની અગત્ય હતી.

For Private And Personal Use Only

મહાન પૂજ્ય મહાત્માજીએ સંપૂર્ણપણે તે માલી–કર્ત્તવ્ય બજાવી શક્યા.

પૂજ્ય, અન્ય જૈનેતર મહાત્માઓની માફક કે આધુનિક વિદ્વાનોની માફક નહોતી યુનિવર્સિટિની ડીગ્રી પ્રાપ્ત કરી કે ન્હોતા કોઈ પ્રભાવશાલી ગુરૂના શિષ્ય. ઉંડા ઉતરી તપાસ કરશું તો તેમને ઉન્નત જીવનમાં લાવનાર, હૃદયમાં જ્ઞાન પ્રકાશને જાજવલ્યમાન કરનાર ભુતપૂર્વ મહાત્માઓનાં રચાયેલ શાસ્ત્રોજ હતાં. અનેક વર્ષોથી ભંડારમાં એક સ્થાને શાંત પડેલ ગંભીર ગ્રંથોનું અવલોકન કર્યું. સ્વયં અનેક ગુપ્ત, ગુઢ રહસ્યોને સ્પષ્ટ સમજી શકયા, તેજ ગ્રંથો અધુના તેવા મહાત્માની ગેરહાજરીથી ભંડારમાં ઉપવાસ કરી રહ્યા છે.

ન્હોતા ગ્રેજ્યુટ; છતાં ગ્રેજ્યુએટોની શંકાઓને નિર્મૂળ કરી પ્રભાવ પાડી શકયા હતા. યુરોપ નિવાસી વિદ્વાન્ ડૉકટર હોર્નલસાહેબ જેવા ઉપર જૈનધર્મની છાપ પાડી શકયા. અનેક આર્ય–સમાજીઓને મૂકત કરી મૂકેલ. જે પ્રાંતમાં જૈનશ્વેતાંબર સમાજ મરણ–શય્યામાં વિરાજેલ હતો, હતો ન હતો થઇ જવા તૈયારીમાં હતો, તેવા પંજાબ જેવા પ્રબળ–દેશમાં ઉપદેશ દ્વારા, ઉત્કટ ચારિત્ર દ્વારા, અપૂર્વ જ્ઞાનદ્વારા પ્રભાવ પાડી છ હજાર જેટલી વિશિષ્ટ સંખ્યા શ્વેતામ્બરમાં લાવી શકયા, તેજ તેમના જ્ઞાનની, ચારિત્રની સાક્ષી છે.

સમાજમાં જે ક્ષુદ્રતા અધુના દૃષ્ટિગોચર થાય છે, તેજ ક્ષુદ્રતા તેમના સમયમાં હતી. જેમ વિવેકાનંદ પાસે અનેક વિદ્વાન્ ગૃહસ્થો શિષ્યો તરીકે જોડાઈ તેમના જ્ઞાનનો લાભ લઈ શકયા, તેમનાં ઉપદેશને અનેક પ્રાંતોમાં, અનેક ભાષાઓમાં વિસ્તારી શકયા. તેવા વિદ્વાન્ ગૃહસ્થોની તે સમયે જરૂર હતી. આધુનિક જ્ઞાનથી, આધુનિક વાતાવરણથી, આધુનિક સાહિત્ય–શાખાઓના જ્ઞાનથી રંગાએલ ગૃહસ્થોની અગત્યતા હતી. જો ઉપર્યુકત યોગ્ય જનસમુદાય તેમને પ્રાપ્ત થયો હોત તો તેમનો ઈતિહાસ, જૈનોનો ઈતિહાસ કોઈ ઔર લખાત. પણ કમભાગ્યે તેવી અભિરૂચી જૈનોમાં જાગી નથી.

સમાજમાં ચારસો વર્ષે ફરી કર્મ–યોગી આત્મા પ્રગટ્યો હતો, તેને સિધારે આજે સતાવીસ વર્ષના વ્હાણાં વીતી ગયાં, પરંતુ અક્ષર દેહ જૈન–ઈતિહાસમાં અમર રહેશે. વીસમીસદીના ઇતિહાસમાં ફક્ત તે એકજ સૂર્યસમાન ઝળહળશે.

વાંચક ! આ તેમનું ચરિત્ર કે ગુણાનુવાદ ગાવા બેઠો નથી, કારણકે અવકાશ નથી. ફકત તેમની સ્વર્ગારોહણ તિથિના દિવસે ઉભરાએલ વિચારોની પુષ્પાંજલી છે, જીવનનું સૂચન છે, કોઈ લખવા ઈચ્છનારને પ્રેરનાર ટુંક નિબંધ છે, સ્વકર્તવ્યને યાદ કરાવનાર સૂચન છે, ત્હને જે જેમ પસંદ પડે તેમ વર્તજે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## કચ્છ, કાઠીયાવાડ અને ગુજરાતના ગણાતા જૈનો કાને સાંભળે છે ? આંખે દેખે છે કે ?

કઈક જનોને ઉપરલું મથાળું જ વાંચતાં સહજ આશ્ચર્ય સાથે ખેદ પણ થશે એમ છતાં એનો આંતરહેતુ સમજાતાં તેનું સમાધાન થઈ રહેશે. આશ્ચર્ય એટલા માટે કે છતે કાને શું તેઓ સાંભળતા નહીજ હોય–સાવ બ્હેરા બની ગયા હશે? અને છતી આંખે શું તેઓ દેખતા–દેખી શક્તા નહીંજ હોય–શું અંધ બની ગયા હશે? દેખીતી રીતેતો એમ જણાતું નથી. તેઓ નિઃશંક પોતાને મનગમતી વાતો સાંભળે છે અને આદરે પણ છે તથા મનગમતી વસ્તુઓને દેખે છે–જોવે છે અને પોતાના ઇષ્ટ વિષય તરીકે પસંદ પણ કરી લે છે. તેમ છતાં ઉપરોક્ત પ્રશ્ન કેમ પૂછયો છે? તત્ત્વ–પરમાર્થ દ્રષ્ટિથી વિચારતાં જ્ઞાની પુરૂષો કહે છે કે છતે કાને જે મુગ્ધજનો તુચ્છ વિષય સુખમાં મુંઝાઈ રહીને એકાન્ત હિત વચનોને કાને ધરતા નથી તેઓ છતે કાને બહેરાજ છે. જે કાનરૂપી સુવર્ણ કચોળાવડે જ્ઞાની પુરૂષોનાં એકાન્ત હિતવચન રૂપી અમૃતનું આદર સહિત વારંવાર પાન કરવું જોઈએ, તે કાનોમાં નકામી વિષય કષાયને ઉત્તેજન આપનારી કુથલીઓજ ભરવાનો આનંદ માનવામાં આવે એ કેવો દુષ્ટ અવિવેક ? અને મિથ્યાત્વ અજ્ઞાનાદિકને વશ બની, કેવળ કલ્પિત સુખની વાસનાથી પ્રેરાઇ, છતી આંખે અનેક પ્રકારના પાપાચરણો ઉત્સાહથી સેવવામાં આવે એ કેટલી બધી ધૃષ્ટતા અથવા નિર્લજ્જતા લેખાય ? ચક્ષુરત્નો પામીને પોતાનું અંતર ઠરે–ખરી શાન્તિ ઉપજે એવી શુદ્ધ પવિત્ર દેવગુરૂની મુદ્રાનાં દર્શન કરવાં ઘટે અને અણમોલાં શ્રવણ યુગલ પામી તે વતી હિત વાણીને અત્યંત આદર પૂર્વક સાંભળી હૈયે ધરવી જોઇએ, તેને બદલે વિરૂપ–વિપરીત વર્તન પ્રગટ થતું જોઈને સહૃદય સજ્જનોને તો ખેદજ થવા પામે, સામાન્ય રીતે જોતાં તો આખી જૈન સમાજની લગભગ આવીજ વિષમ સ્થિતિ થઈ રહી છે; તેમ છતાં ઉપરોક્ત જનોને સંબોધી ખાસ કહેવાનું કારણતો એ છે કે કેવળ પોતાનાજ આરોગ્ય અર્થે નહીં પણ પોતાના આખા કુટુંબના અને પરંપરાએ આખી સમાજના આરોગ્ય સંરક્ષણ અર્થે ખાન પાનાદિક પ્રસંગે ખાસ સાચવવાની આચાર શુદ્ધિ (ચોખ્ખાઇ) ચીવટથી જાળવી રાખવા અનેકવાર ઠોકી ઠોકીને કહેવામાં આવતાં છતાં અદ્યાપિ તે તરફ ભારે બેદરકારી બતાવવામાં આવે છે અને કૂડ નીતિ, નિંદા, ચાડી, પ્રમુખ, પાપાચરણો પોતાની પાયમાલીનેજ વધારનારાં છે તેમને તજવા મંદ આદર જોવામાં આવે છે તેથીજ તેમને કંઇ ઢંઢોલીને જગાડવા ઉપરલું મથાળું સાર્થક લાગશે.

મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# એક નિશ્ચિંત લક્ષ અને સ્વાધ્યાય.

(યોજક—મુનિરાજ શ્રી કપૂરવિજયજી મહારાજ.)

૧ નિશ્ચિત કાર્યક્રમવાળો માણસજ ફત્તેહ પામે છે, એકજ વિષયને વળગી રહો.

૨ આ ટુંકા માનવ જીવનમાં જેને કંઇપણ મહત્વનું કાર્ય કરવું હોય તેણે પોતાની સ્વશક્તિઓવડે એવું તો એકાગ્રતા પૂર્વક કામ કરવું જોઇએ કે આ જગતમાં મોજશોખ કરવાને જન્મેલા આળસુ માણસોને મન તો તે ગાંડા જેવોજ લાગે.

૩ મહાન ઉદ્દેશ ધારણ કરવાથી આપણું જીવન સાર્થક થાય છે.

૪ સીધા પોતાના લક્ષ્ય તરફ ધસી જતા, વિઘ્નોમાંથી પોતાનો માર્ગ કાપી કાઢતા અને બીજાઓને હતાશ બનાવી દે એવાં વિઘ્નોને જીતી લેતા એકાદ તરૂણ પુરૂષને જોવાથી આપણને કેવો આનંદ પ્રાપ્ત થાય છે?

૫ પ્રત્યેક માણસ બીજાઓ પાસેથી જે શિક્ષણ મેળવે છે તેનાં કરતાં ઘણુંજ વધારે મહત્વનું શિક્ષણ તો તે પોતે પોતાની જાત પાસેથી (સ્વાલંબનથી) મેળવે છે તેજ છે.

૬ મોટો માણસ પોતાનામાં રહેલાંનીજ શોધ અને સદુપયોગ કરે છે અને નાનો માણસ બીજાઓનીજ પાસે શોધ્યા કરે છે (બંને વચ્ચેનો તફાવત આથી કેવો સરસ સમજી શકાય છે? પરાશ્રયી નહીં પણ સ્વાશ્રયી થવાથીજ મોટા થવાય છે.)

૭ સદ્‌ભાગ્યે એવા પણ વિરલ જનો હોય છે કે જે પ્રમુખ થવા કરતાં પ્રમાણિક થવાનું વધારે પસંદ કરે, પ્રમાણિકતાની ખરી કિમ્મત જાણનાર સ્વાશ્રયી બની શકે છે.

૮ જે સૌથી વિશેષ સ્વાશ્રયી હોય છે તેજ સૌથી વિશેષ બળવાન છે.

૯ તારા પોતાનામાંજ—આત્મ પ્રતીતિમાંજ તારા વિકાસનું ખરૂં સાધન રહેલું છે.

૧૦ આપણામાં કંઇ સતત્ત્વ હશે તે કામથીજ પ્રગટ થશે.

૧૧ જે માણસોએ પોતાની જાત ઉપર સૌથી વિશેષ આધાર રાખ્યો છે, તેમણેજ સૌથી વિશેષ ઉન્નતિ પ્રાપ્ત કરી છે.

૧૨ ઇચ્છા (પ્રબળ) હોય તો (ઇચ્છિત) પાત્ર અવશ્ય જડી આવે છે.

૧૩ ઉપર ટપકે મેળવેલું અપકવ જ્ઞાન પાછળથી આપોઆપજ ભુલાઈ જવાનું.

૧૪ પરને શિખામણ દેવામાં શૂરા (કુશળ) તો કંઇક હોય છે, પણ તે ખરા માણસની પંક્તિમાં ગણાતા નથી, જેઓ પોતાની જાતનેજ શિખવવા (કેળવવા) કુશળતા ધરાવે છે, તે વિરલ જનોજ માણસની ખરી પંક્તિમાં લેખાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહેણી-કરણીથીજ ખરી કિંમત અંકાય છે, નરી કથની કરણી વગર લુખી લાગે છે.

૧૫ શિષ્યને પોતાની જાતને શિખવતાં શીખવવું એજ ગુરૂનું મહાન કાર્ય છે. જ્ઞાન પ્રકાશથી જડતા દૂર કરી, સ્વશક્તિની આત્મ પ્રતીતિ કરી, પુરૂષાર્થવડે સ્વચારિત્ર્યને અજવાળવું જોઈએ. ઇતિશમ્.

# હિમ્મત ને ઇચ્છા–શકિત

## ( ભાગ્યના સૂત્રોમાંથી. )

૧ આખી દુનિયા હિમ્મતવાન પુરૂષને ચહાય છે.

૨ જે લોકો જાણતા હોય કે અમે અમારા માનવામાં આવતા દરજ્જાને શોભે એવી સ્થિતિ કે સદ્ગુણ ધરાવતા નથી અને તે છતાં તેઓ તે સ્થિતિને છુપાવવાનો અથવા ભપકાથી સારા દેખાવાનો પ્રયત્ન કરે છે તે લોકોની તે રીતભાત અધમાધમજ છે.

૩ માણસનું અડધું ડહાપણ તો તેની હિમ્મત જ છે.

૪ અમુક કાર્યને અશકય ધારવું એજ તેને અશકય બનાવવા સમાન છે. હિમ્મત એજ વિજય અને ભીરૂતા એજ પરાજય છે.

૫ જગતમાં તમારૂં સ્થાન જીતી લો.

૬ પુરૂષોચિત્ કાર્ય કરો.

૭ અડગ નિશ્ચય અને સત્ય માર્ગનું અવલંબન એ જગતને હલાવી નાખનાર શકિતઓ છે.

૮ ઝગઝગતી ( ઝળકતી ) કારકીર્દિવાળા તરૂણના શબ્દકોષમાં નિષ્ફળતા જેવો કોઈ શબ્દ જ હોતો નથી.

૯ દ્રઢ ઇચ્છા શકિત પોતાની મેળેજ માર્ગને શોધી કાઢે છે.

૧૦ સંયોગોને જીતવાનો સાચો માર્ગ તમારી જાતને બળવાન સંયોગરૂપ બનાવવી એ છે.

૧૧ માણસ હમેશાંજ પોતાના ભાગ્યનો સ્વામી છે. ( ભાગ્યને પોતેજ રચી શકે છે. )

૧૨ મનુષ્ય સંયોગોનો ગુલામ નથી; પરંતુ સંયોગોજ મનુષ્યના ગુલામ છે.

૧૩ જે મહાપુરૂષો અતિ ઉચ્ચ સ્થિતિને પ્રાપ્ત થયા છે તેઓ બીજા સર્વ ગુણો કરતાં પ્રબળ ઇચ્છા શકિતને માટેજ વધારે પ્રસિદ્ધ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૪ ગમે તેવા દુઃખદાયક સંયોગો પણ દ્રઢ ઇચ્છાને સદા કાળને માટે દબાવી રાખી શકશે નહી.

૧૫ નિશ્ચયવાન માણસને જગત હમેશાં રસ્તો કરીજ આપે છે. દેખીતી અશક્યતામાં પણ ઇચ્છા શકિત માર્ગ કરી લે છે.

૧૬ સમજણ અને આદર્શની ઉચ્ચતા પૂર્વક દ્રઢ ઇચ્છા કરતાં શિખો. અને સુકાં પાંદડાં વાયુથી આમ તેમ ઘસડાયા કરે છે તેની પેરે તમારા જીવનને બાહ્ય સુયોગો વડે જેમ તેમ ઘસડાયા કરતું અટકાવો.

૧૭ માણસોમાં બુદ્ધિનો કે શકિતનો અભાવ નથી પરંતુ ઉદ્દેશનો અને પરિશ્રમ કરવાની ઇચ્છાનોજ અભાવ છે. ( માણસ ધારે તેવો થઇ શકે છે. )

૧૮ દ્રઢ નિશ્ચય એજ સાચામાં સાચું ડહાપણ છે.

૧૯ આરામ નહી પણ પ્રયત્ન અને સુગમતા નહી પણ મુશ્કેલીજ ખરા માણસોને ઉત્પન્ન કરી શકે છે. ચારિત્ર એજ સર્વસ્વ છે.

૨૦ સુવર્ણની કસોટી અગ્નિમાં થાય છે અને માણસની કસોટી સંકટના સમયમાં થાય છે.

૨૧ ઘણા માણસોની મહત્તાનું કારણ તેમની પ્રચંડ મુશ્કેલીઓ હોય છે. માત્ર આત્મ સમર્પણથીજ વિજય પ્રાપ્તિ થાય છે. ઉંડા અભ્યાસનું નામજ કુશાગ્ર બુદ્ધિ છે. ' દેહં પાતયામિ વા કાયં સાધયામિ '

ઇતિશમ.

# તક.

## ( ભાગ્યના સૃષ્ટાઓમાંથી. )

૧ જે માણસ તકનો ઉપયોગ કરી શકતો નથી તેને તે ( મળેલી તક ) શું કામની છે ?

૨ તક આવે ત્યારે તેને તત્પરતા પૂર્વક ગ્રહણ કરી લેવી એ જીવન-સાફલ્યની ચાવી છે.

૩ જગતમાં જેઓ તક-સંધિઓને ઇચ્છે છે અને તેનો ઉપયોગ કરી જાણે છે તેમને માટે પુષ્કળ તક-સંધિઓ છે. નજીકની ચીજો માટે આપણે બહુ દૂર તાકયા કરીએ છીએ.

૪ જગત્‌ને શાની જરૂર છે ? તે પ્રથમ શોધી કાઢો અને પછી તે જરૂર પૂરી પાડો.

૫ સોનેરી તક હાથમાં આવી ગુમાવી દેતા નહીં. તે ગઇ તો પાછી મળવી મુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્કેલ. અનેક લાલચો કે પ્રલોભનોથી ચળાયા વગર મળેલી શુભ તકનો સાવધાનતાથી લાભ લેવો ઘટે છે.

૬ આળસુ થઈને રાહ જોયા કરીશ નહીં. કેમકે ભાગ્યદેવી પણ એવી આળસુ છે કે તે પોતાની મેળે તો કદાપિ તારી પાસે આવશે નહીં. કોઈ પણ ક્ષેત્રમાં કામ કર. કામ કરતાં અથવા સાહસિકતા આદરતાં ડર નહીં. જો તને શ્રમ કરવાને કોઈ એક ક્ષેત્રની જરૂરજ જણાશે તો તે તને ક્યાંકથી પણ અવશ્ય આવી મળશે.

૭ સદ્‌ભાગ્યે જે કંઈ શુભ તક મળે તેનો સાવધાન પણે લાભ ચૂકશો નહીં.

ઇતિશમ્.

# જગતની મહાનમાં મહાન વસ્તુ—ચારિત્ર્ય.

૧ શુદ્ધ ધ્યેય અને શુદ્ધ ચારિત્ર્ય એજ હમેશાં સત્યનો પંથ છે.

૨ ઉદાત્ત બનો, એટલે બીજા માણસમાં પણ જે ઉદાત્તતા સુતેલી હશે તે જાગૃત થશે અને તમારી ઉદાત્તતાને મળવા આવશે.

૩ ચારિત્ર્ય એજ શક્તિ, એજ પૈસો, એજ ધર્મ અને એજ મોક્ષ છે.

૪ ચારિત્ર્યને કંઇ પણ ભલામણની આવશ્યકતા નથી. તે પોતાની ભલામણ પોતે જાતેજ કરે છે. ચારિત્ર્ય વગરનું બધું તુચ્છજ છે.

૫ મહાન કાર્ય કરવું એજ કંઇ જીવનનું મુખ્ય કર્તવ્ય નથી, પરંતુ આપણે પોતે મહાન થવું એજ કર્તવ્ય છે, ચારિત્ર્ય એજ જીવનનું ઉત્તમોત્તમ અને સ્થાઈ ફળ છે. ચારિત્ર્ય એજ ( ખરી ) આંટ છે.

૬ ચારિત્ર્ય વગરની એકલી બુદ્ધિ આપણને અધોગતિમાં લઈ જાય છે.

૭ સ્વાર્થ ત્યાગનો પાઠ શીખ્યા હોઈએ તો માનાપમાનની પણ આપણા ઉપર અસર થાય નહીં.

૮ દ્રઢ ચારિત્ર્યવંતને ગમે તેવો રાજા પણ ખરીદી નજ શકે.

૯ જાગૃત થયેલ આત્માને પ્રતીત થાય છે કે કર્તવ્ય એજ જીવનનો હેતુ છે.

# કરકસર.

૧ કરકસર એ સ્વતંત્રતા, પ્રમાણિકતા અને સુખની માતા છે. તેમજ મિતાહાર આનંદ અને આરોગ્યની સુંદર બ્હેન છે. વળી તે ગરીબ માણસની ટંકશાળ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨ થોડી જરૂરીઆતો હોવી અને પોતાની જરૂરીયાતો જાતેજ પૂરી પાડવી એના જેવું શોભા ભરેલું બીજું કયું કાર્ય છે ?

૩ રાજતંત્ર ચલાવવામાં જેટલા ડહાપણની જરૂર છે તેટલું ડહાપણ ઘર સંસાર ચલાવવામાં પણ જરૂરનું છે.

૪ ત્વરાથી મેળવેલું નાણું ખર્ચાઈ જશે, પરંતુ પરસેવો ઉતારીને ધીમે ધીમે પ્રાપ્ત કરેલું ધન ઉત્તરોત્તર વૃદ્ધિંગત થતું જશે, તે ઉડાવતાં મન અચકાશે ને તેનો સારો ઉપયોગ કરી શકાશે.

૫ અકારણ નાની નાની રકમ ઉડાવી દેતાં સાવધ રહેજો. એક નાનું સરખું ગાબડું પડવાથી એક મોટું વહાણ પણ ડૂબી જાય છે. ઋણ જેવું કોઈ કઠિન બંધન નથી.

૬ ડહાપણ પૂર્વક ચાલે તો એક માણસ ગમે તે દેશમાં જુજ ખર્ચથી પોતાનો નિર્વાહ કરી શકે છે; જ્યારે ઉડાઉપણા આગળ આખા બ્રહ્માંડનું રાજ્ય પણ પૂરતું થઈ શકશે નહીં.

૭ પૈસા ઉછીના લેવાથી તો તેનો વધારે ને વધારે વિનાશ થાય છે. આ રોગ અસાધ્ય છે.

૮ તમે ગમે તેવા બુદ્ધિમાન હો, તમારી ભાવી ઉન્નતિનો યોગ ગમે તેટલો પ્રબળ હોય; પરંતુ અશકત ( અનાથ ) આશ્રમમાં જતાં અટકાવવાને માટે તમને જે વસ્તુની જરૂર હોય તેને તમે કદી પણ મહાલય મેળવવાની આશાથી ઉડાવી દેશો નહીં.

૯ સ્વતંત્ર થવાનો ઉર્જ્વળ હક્ક મેળવવાને માટે માણસને કરકસરની જરૂર છે.

૧૦ ઉદાર થાવું પણ ઉડાઉ કદાપિ પણ થાવું નહીં. કરકસર વગર કોઈ પણ પ્રમાણિક માણસ શ્રીમંત થઈ શકતો નથી. સંયમવડે ઈચ્છાને નિયમિત કરતાં શીખો.

ઈતિશમ્

# જૈનોમાં કેળવણી.

( સારાભાઈ મોહનલાલ દલાલ. )

હિંદુસ્તાનની નાની મોટી કોમો જ્યારે પોતાની ઉન્નતિના ઉપાયો યોજી રહી છે, ત્યારે જૈન કોમ કુંભકર્ણની નિદ્રામાં સૂતી હોય એમ તેની શિથિલતાથી સહેજે જણાય છે. દરેક રાષ્ટ્રની ઉન્નતિનું પહેલું કારણ કેળવણી છે અને કેળવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ણી જ દેશની ચડતી પડતી માપવાનું થર્મામીટર Thermometer છે. એટલે દરેક દેશ તેના ઉપર સંપૂર્ણ ધ્યાન આપે એમાં કાંઈ નવાઈ જેવું નથી.

જૈન કોમ એક વેપારી કોમ છે. તે શાણી અને વિચારવંત કોમ છે. એટલે તેના વેપારી વલણને ઉત્તેજન મળે તેથી કેળવણીને તેને ખાસ જરૂર છે. એ જાતની કેળવણી આપણે કેટલાં પ્રમાણમાં ભોગવીએ છીએ તે આપણે સારી પેઠે જાણીએ છીએ.

જૈન કોમનો મોટો ભાગ સટ્ટાના ધંધામાં રોકાઈ ગયેલો છે. એ ધંધો ૧૨ વર્ષની નાની વયના બાળકોથી માંડી તે વયોવૃદ્ધ માણસોથી ભરપૂર છે. એટલે જે બુદ્ધિની અને મનની સ્વતંત્ર રીતે ખીલવણી થવી જોઈએ, તેના ઉપર નાનપણથીજ કુહાડી મૂકવામાં આવે છે. અને જે બાળકોનું બુદ્ધિબળ કેળવણી ખાતેજ ખર્ચાવું જોઈએ તે જુદી દીશામાં દોરવામાં આવે છે. આનું પરિણામ એ આવે છે કે કોમની ઉન્નતિ બીલકુલ થતી નથી. પરંતુ પડતીના રોપાએલા બીજને પોષણ મળતું જાય છે.

આવી સ્થિતિમાં જૈનોએ શું કરવું જોઇએ, તેનો વિચાર બનતી ત્વરાએ કરવાની ખાસ જરૂર છે. કોન્ફરન્સો અને મીટીંગો ભરી ખાલી ઠરાવો Resolutions પસાર કરવાથી કોઈ દેશનું કલ્યાણ થવું નથી અને જૈન કોમનું પણ થવાનું નથી. એ ઠરાવો પસાર કરી એમને અમલમાં ઉતારવામાં આવે તોજ તેની સાર્થકતા કહેવાય.

કેળવણીના મેદાનમાં આપણે ઘણું કરવાની જરૂર છે. આપણી કોમમાં કેળવણીનું પ્રમાણ વધારવા ગરીબ છોકરાઓને સ્કોલરશીપો આપવી જોઇએ. દરેક ન્યાતોએ—જેમ ઘણી ખરી ન્યાતોએ કર્યું છે તેમ ફંડો ઉઘરાવી વિદ્યાર્થીઓને ભણવાની ચોપડીઓ અને બીજી જરૂરીઆતો પૂરી પાડવી જોઇએ. દર વર્ષે સારા મેળાવડાઓ કરી મોટા આગેવાનોના હાથથી ફત્તેહમંદ વિદ્યાર્થીઓને ઇનામો આપવા જોઇએ કે જેથી વિદ્યાર્થીઓને પોતાનું કામ હોંસથી કરવાનું મન થાય, અને બહારગામ ભણતા વિદ્યાર્થીઓ માટે ખાવાની, રહેવાની વિગેરે પૂરતી સગવડો થવી જોઇએ; કે જેથી Higher Study કરતાં અડચણોને લીધે પડતું મૂકવાની ફરજ ન પડે. વિલાયત અમેરિકા વિગેરે Foreign Countries માં કેળવણી લેવા જનાર વિદ્યાર્થીઓ માટે લોજની સગવડો થવી જોઇએ.

અત્યારે એવી કેળવણીની જરૂર છે કે જે કેળવણી હિંદુસ્તાનની Cottage Industries ની ખીલવણી કરે, હિંદુસ્તાનની મરી ગએલી કળાઓને જીવન આપે, નવા હુન્નર ઉદ્યોગો વધે, જૈન કોમમાં ઉછરતા નવ જુવાનોને ધાર્મીક શિક્ષણ આપવાની સોથી વધારે જરૂર છે, કોમની જાહોજલાલી નવજુવાનોના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાથમાંજ છે, અને ધર્મની જાહોજલાલી શિવાય કોમની જાહોજલાલી લગભગ અશક્યજ છે. માટેજ જૈન ધર્મના તત્વોનું સિંચન કુમળા હૃદય ઉપર વારંવાર કરવાની ખાસ આવશ્યક્તા છે.

હું આશા રાખું છું કે આ ઘણાજ અગત્યના વિષય ઉપર અન્ય મહાશયો વિચાર કરી પોતાની યોજનાઓ બહાર પાડશે.

# આપણી ધાર્મિક સ્થિતિ.

સદ્‌ગુણી સાધર્મિ બંધુઓ,

વર્ત્તમાન કાલે આર્યાવર્ત્તમાં આપણા ધર્મનો ઉદય એક રીતે લાગે છે, પ્રતિ વર્ષ મોટા શહેરોમાં વિવિધ પ્રકારના ધાર્મિક ઉત્સવો થાય છે, કોઈ ઠેકાણે નવીન જિન મંદિરમાં પ્રતિષ્ઠા મહોત્સવ પ્રવર્ત્તે છે, કોઈ ઠેકાણે જૈન પાઠશાળાની સ્થાપના થાય છે, કોઈ ઠેકાણે જૈન પુસ્તકાલય ઉઘાડવામાં આવે છે, કોઈ ઠેકાણે નવીન ઉપાશ્રય કે પૌષધશાળા સ્થાપિત થાય છે અને કોઇ ઠેકાણે દીક્ષા મહોત્સવ પ્રવર્ત્તે છે, તે ઉપરાંત સમવસરણની રચના, તીર્થોની રચના અને અઠ્ઠાઈ ઉત્સવો વગેરે બીજા ઘણાં ઉત્સવો સંખ્યાબંધ થયા કરે છે, તે ઉપરથી આપણે સમજીએ છીએ કે, આપણો ધાર્મિક મહાન્ ઉદય થાય છે, પણ દીર્ઘ વિચારથી વિલોકશો તો જણાશે અને બીજી બાજુ તપાસતાં માલમ પડે છે કે, આપણી ધાર્મિક સ્થિતિ પણ નબલી કેટલીક રીતે પડતી જાય છે અને દ્રવ્યનો વ્યય અત્યારના કાળને લઇને જે માર્ગે થવો જોઈએ તે માર્ગે થાય છે કે નહિં તે પણ સ્પષ્ટ જણાશે. કદાચ કેટલા કારણોથી આપણી ધાર્મિક સ્થિતિ આપણને સારી દેખાતી હશે, પણ અંદરથી તે તદન નિર્બલ થતી જાય છે કે કેમ ? તે વિચારવાનું છે. જે ઉપાયો ધાર્મિક સ્થિતિ સુધારવાને આ કાળમાં લેવા જોઈએ, તે ઉપાયો આપણે લેતા નથી અને તે તરફ તદ્દન ઉપેક્ષા રાખીએ છીએ. જેથી તેને લઇને તેમ થતું હોય તો તે બનવા જોગ છે. જ્યાં સુધી તેવા જરૂરી ઉપાયો લેવામાં આપણે બેદરકાર રહીશું, ત્યાં સુધી આપણી ધાર્મિક સ્થિતિની અવનતિ દૂર થવાની નથી.

આપણે આપણી ધાર્મિક સ્થિતિ સુધારવામાં મુખ્ય રીતે ત્રણ ઉપાયો લેવા જોઈએ. ૧ **ઊંચી જાતની ધાર્મિક કેળવણીનો પ્રચાર**, ૨ **ગચ્છ અથવા મતમતાંતરના દુરાગ્રહનો ત્યાગ** અને ૩ **મુનિઓની ઐક્યતા.** આ ત્રણ પ્રકારના ઉપાયો જ્યાં સુધી લેવામાં આવશે નહીં, ત્યાં સુધી આપણે ધાર્મિક ઉન્નતિનું શિખર જોઈ શકવાના નથી. એ ત્રિવિધ સુધારણા જ્યારે થશે. ત્યારેજ આપણો ધર્મરવિ મધ્યાહ્ન ઉપર આવશે અને વીર શાસનનો પ્રભાવ સારી રીતે પ્રવર્ત્તશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે સર્વમાં ઉંચી જાતની ધાર્મિક કેળવણીનો પ્રચાર એ મુખ્ય ઉપાય છે. આપણે આપણાં બાલકોને ધર્મનું સામાન્ય જ્ઞાન આપી બેસી રહીએ છીએ. નવકાર, સામાયિક, પ્રતિક્રમણનું સાધારણ જ્ઞાન થયું, એટલે આપણે સંપૂર્ણ શ્રાવક થઇ ચુકયા એમ માની બેસી રહીયે છીયે. પણ જૈન ધર્મનું તત્ત્વજ્ઞાન અને આધ્યાત્મિક જ્ઞાન મેલવ્યા વગર તે ધર્મનું યથાર્થ સ્વરૂપ સમજાતું નથી; એ અવશ્ય સમજવું. કર્મ અને તેની પ્રકૃતિઓ અને તેની સાથે આત્માનો સંબંધ કેવી રીતે છે? તે જાણ્યાં વગર જૈન ધર્મનું રહસ્ય લક્ષ્યમાં આવી શકતું નથી. જ્યાં સુધી તે ધર્મના તત્ત્વોનું સ્વરૂપ સમજવામાં ન આવે, ત્યાંસુધી કરણચરણાનુયોગનો ક્રિયામાર્ગ માત્ર કેવળ પોપટીઆ જ્ઞાન સમાન છે; કારણકે, તત્ત્વોના શુદ્ધ બોધ વગર ક્રિયાઓના હેતુઓ સમજવામાં આવતા નથી અને જ્યારે કોઈપણ ક્રિયાનું હેતુપૂર્વક જ્ઞાન ન થાય, ત્યારે તે જ્ઞાન "**यथा खरश्चंदन भारवाही**" એના જેવું થાય છે.

પ્રિય બંધુઓ, માટે આપણે ઉચ્ચ પ્રકારનું ધાર્મિક જ્ઞાન સંપાદન કરવાની અને કરાવવાની જરૂર છે. આપણામાં તત્ત્વજ્ઞાનના વિદ્વાનો ઘણાંજ જૂજ છે. ઇતર ધર્મમાં જ્યારે સેંકડે દશ ટકા તત્ત્વવેત્તા વિદ્વાનો હોય છે, ત્યારે આપણા જૈન વર્ગમાં હાલમાં સૈકડે એક ટકો પણ તત્ત્વવેત્તા વિદ્વાન્ નીકલી આવવો મુશ્કેલ છે. વર્ત્તમાનકાલે ઇતર ધર્મના પુસ્તકો બાહેર પડે છે, તેમાં ઉંચી જાતના તત્ત્વજ્ઞાનના ઘણાં પુસ્તકોનો મોટો ભાગ હોય છે. તે સિવાય સારા સારા માસિક પત્રોની અંદર તત્ત્વજ્ઞાનના વિષયો એટલા બધા છુટથી ચર્ચાય છે કે જે વાંચવાને આપણા જૈનો પણ કેટલીક વખત લલચાય છે. સુદર્શન, સમાલોચક, મહાકાલ, પ્રાતઃકાલ, વસંત. વગેરે ઘણાં માસિકોની અંદર ઇતરધર્મના ઉંચા તત્ત્વજ્ઞાનના વિષયો આવે છે અને ઇતર વિદ્વાનોના સારા સારા લેખો બાહેર પડે છે, તેવી રીતના લેખો આપણા જૈન વર્ગમાંથી પડતા નથી. જૈન પત્રો અને માસિકોમાં ધર્મના સામાન્ય લેખો જ આવે છે, તેનું કારણ જો દીર્ઘદૃષ્ટિથી વિચારવામાં આવે તો જણાશે કે, આપણામાં ઉંચી પ્રકારની ધાર્મિક કેળવણી તદ્દન ઓછી છે. જે મોટા શહેરો કે જેમાં જૈનવર્ગની મોટી વસ્તી વસે છે, તેમાં પણ તપાસ કરશો તો ઉંચી ધાર્મિક કેળવણી પામેલા એક બે શ્રાવકો નીકલી આવશે, તેઓ પણ કાં તો કેવળ પ્રાચીન પદ્ધતિ પ્રમાણે તત્ત્વજ્ઞાનને જાણનારા હશે અથવા જો કદી તાત્ત્વિકજ્ઞાન ધરાવતા હશે તો તેઓ સારા લેખક નહી હોય. આજકાલ કેળવણીનો યુગ ચાલે છે, તેમાં જૈન વર્ગમાંથી પણ ઉંચી કેળવણી પામેલા ઘણાં જૈન ગ્રેજ્યુએટો નીકલી આવે છે; પણ તેઓને ધર્મની ઉંચી કેળવણી મલતી નથી, એટલે તેઓ જૈનધર્મના ઉંચા તત્ત્વજ્ઞાનના સુબોધક વિષયો લખી શકતા નથી. ભારતવર્ષમાં પ્રખ્યાતિ પામેલી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક મોટી ધર્મભાવનામાં ગણ્યા ગાંઠ્યા સારા લેખકો છે, તેઓ પણ યથાર્થ અને સંપૂર્ણ રીતે જૈન સિદ્ધાંતના તત્ત્વ સ્વરૂપને ભાગ્યેજ સમજી શકતા હશે. એ મોટી અપસોસની વાત છે. જ્યાં સુધી ઉંચી જાતની ધાર્મિક કેળવણીનો પ્રચાર નહીં થાય, ત્યાં સુધી આપણી ધાર્મિક સ્થિતિ સુધરવાની આશા રાખવી, તે આકાશ કુસુમવત્ છે.

આપણી ધાર્મિક સ્થિતિની અવનતિને દૂર કરવાનો બીજો ઉપાય ગચ્છ અથવા મત મતાંતરના દુરાગ્રહનો ત્યાગ કરવાનો છે. પૂર્વકાલે જૈન પ્રજા એક જ હતી. આ વિશ્વ ઉપર જ્યારે વીર ભગવાન્ જન્મ પામ્યા, ત્યારે કોઈ જાતના ગચ્છ અથવા મતમતાંતરો હતા નહીં. સર્વે એક જ પ્રભુને ભજતા અને એકજ સમાચારી પાલતા હતા. આજે વીર શાસનરૂપી એક મહાન્ વૃક્ષમાંથી ઘણી શાખાઓ પ્રગટ થયેલી માલમ પડે છે. અનેક સામાચારી જૈન પ્રજામાં પ્રવર્ત્તે છે. જો કે તેમાં કેટલીએક શાખાઓ હેતુપૂર્વક થયેલી છે, તેથી તે તરફ ઉપેક્ષા રાખવી યોગ્ય નથી, પણ જે શાખાઓ મતમતાંતર રૂપે આધુનિક સમયમાં પ્રગટ થયેલી છે, તે તરફ આપણે ઉપેક્ષા રાખવી જોઈએ અને કદાગ્રહથી કોઈપણ જાતના કલેશમાં ન ઉતરવું જોઈએ અને સમજવું જોઈએ કે, આપણ સર્વે એકજ પ્રભુના ભક્તો છીએ. એકજ પ્રભુના શાસનની શીતળ છાયામાં રહેનારા છીએ.

ભગવાન્ વીર પ્રભુએ આત્માની મુક્તિ થવા જે ઉપદેશ આપેલો છે, તેને આપણ બધાએ અનુસરવાનું છે. આપણે તેમના વચનની અવગણના કરવી ન જોઇએ. પાછળથી ગચ્છ અને મતમતાંતરના વમળમાં પડીને દુરાગ્રહથી વિક્ષેપો કરીને ધર્મને છિન્નભિન્ન કરી નાખ્યો છે. જ્યારે આપણી એકતાકી સાંકળ તુટી ગઈ, એટલે અન્ય મતિઓ આપણાં ધર્મ ઉપર ધસારો કરવા લાગ્યા અને આપણા શુદ્ધ આચાર વિચાર અને શાસ્ત્રો ઉપર પણ કેટલીક વખત આક્ષેપો કરવા લાગ્યા. વળી આવા અનેક કારણોને લઇને અંદર અંદર કુસંપ થતા એવો સમય આવ્યો કે જેમાં “ અમે જૈનો છીએ, અમારા કાયદાઓ જુદા છે, અમારા પર્વ અને ઉત્સવના દિવસો જુદા છે, જાહેર તહેવારો તરીકે શા માટે પાળવામાં ન આવે ? અમારૂં ધર્મનીતિનું સાહિત્ય વિશ્વ વિદ્યાલય ( યુનીવર્સીટી ) માં શા માટે દાખલ ન થાય ? ” આવી આવી માંગણી કરતાં પણ એકેને જોઇએ તેવી ને તેટલી દાદ મલતી નથી. જો આપણા જૈનોમાં એકતા હોત અને ઉંચી ધાર્મિક કેળવણીની વૃદ્ધિ હોત તો આપણને આવો વખત આવત નહીં. ઐક્યના અભાવને લઇને અને ગચ્છ અથવા મતમતાંતરોના કદાગ્રહને લઇને આપણી ધાર્મિક અવનતિ થયેલી છે. તેથી હવે આપણને એકતારૂપી કલ્પલતાનો આશ્રય કરવો જોઈએ; છેવટે જ્યાં સુધી સમગ્ર રીતે એકતા થતી હોય અને એક બીજાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાધ ન આવતો હોય ત્યાં સુધી પણ એકતા કરવાની તો આવશ્યકતા છે. અને તેમ નહિં તો પોતાના ગચ્છ અથવા મતમાં જે કુસંપો દેખવામાં આવે છે તેની પણ એકતા કરવાની જરૂર છે. જ્યાં સુધી આમાનું કંઈ પણ નહિં થાય ત્યાં સુધી ગમે તેવા ઉત્સવો કરીશું, ગમે તેટલી તીર્થ રચનાઓ અને નામની જૈન શાળાઓ સ્થાપિત કરીશું, તો પણ ધાર્મિક ઉન્નતિનું ઉંચુ શિખર આપણા દૃષ્ટિ માર્ગમાં આવશે નહીં; જો કે તેમ ન કરવું એમ કહેવું નથી પરંતુ જે સમયે જેવી જેની જરૂર હોય છે તે તે સમયે તેને તેને ઉત્તેજન ન મળવાથી અથવા તે તે કાર્યોને પોષણ ન મળવાથી કોઈપણ કોમ પોતાની ઉન્નતિનું ઉંચુ શિખર દેખી શકતું નથી. જેથી આપણે ગચ્છ અથવા મતમતાંતરના આગ્રહનો ત્યાગ કરી એકતા કરવી જોઈએ. કદિ અર્વાચીન કાલે પાછળના આચાર્યોએ ક્રિયામાર્ગ અને સામાચારીમાં ફેરફાર કરી દીધો છે અને તેનું પ્રવર્તન ઘણો વખત થયા ચાલ્યા કરે છે, તેથી તે સામાચારીમાં ફેરફાર આપણાથી થઈ શકશે નહીં, તો ભલે તેમ ન થાય, પણ જૈન તરીકે આપણે બધાએ ન બાદ આવતા ધર્મોના કાર્યોમાં સાથેજ રહેવું જોઈએ. આપણ સર્વે એકજ પ્રભુના આશ્રિત છીએ. જો આ વિચારને પુષ્ટિ આપવામાં આવશે તો આપણી ધાર્મિક સ્થિતિ ઉચ્ચ થયા વિના રહેશે નહીં એ નિઃસંશય સમજવું. પ્રિય બંધુઓ, ઉંચી જાતની ધાર્મિક કેળવણીનો પ્રચાર અને ગચ્છ તથા મતમતાંતરના દુરાગ્રહનો ત્યાગ જો એ ઉપાય આપણી ધાર્મિક સ્થિતિને સુધારવામાં જેવા ઉપયોગી છે, તેવો અથવા તેથી અધિક એક ત્રીજો ઉપાય પણ ઉપયોગી છે, તે આપણા મુનિ મહારાજોની એકતાનો છે. ચતુર્વિધ સંઘમાં અગ્રપદને ધરાવનારા આપણા પવિત્ર ધર્મગુરૂઓમાં જ્યારે પરસ્પર એકતાનો પ્રભાવ પ્રસરશે, ત્યારેજ આપણી ધાર્મિક સ્થિતિ સારી રીતે સુધરશે કારણ કે, એ પવિત્ર વર્ગ આપણાં ધર્મનો ઉપદેશ કરનારો અને જૈન ધર્મના યથાર્થ સ્વરૂપને પ્રતિપાદન કરનારો છે. તે વર્ગની અંદર એકતાનું ઉજ્વળ તેજ પ્રકાશતું હોય અને ઉન્નતિને આપનારો સંપ તેમની ઉપર પોતાનો વિજય વાવટો ફરકાવતો હોય તો પછી આપણી ધાર્મિક સ્થિતિનું શિખર કેટલું બધું ઉંચું ચડે? અને આપણા ધર્મનો તીવ્ર રવિ આ વિશ્વરૂપ ગગનમાં કેવો પ્રકાશે? તે અનિર્વચનીય છે. જ્યાંસુધી મુનિ મહારાજોના હૃદયમાં પોતાના પરિવારનું, ગચ્છનું, સંઘેડાનું, દેશનું, ગામનું અને શ્રાવકોનું, શિષ્યનું અને પુસ્તકો વિગેરેનું મમત્વ રહેશે અને તેને લઈને પક્ષાપક્ષી, ઈર્ષ્યા, અસૂયા અને દ્વેષ વગેરે પર પ્રીતિ થશે, ત્યાંસુધી આપણી ધાર્મિક સ્થિતિ સુધરવાની નથી. ઉપર કહેલા કારણો ઉભય રીતે હાનિ કરનારા છે, એક તો તે ધર્મની અવનતિ કરે છે અને બીજું મુનિઓના શુદ્ધ ચારિત્રને મલિન કરે છે; માટે ભગવાન્ શ્રી વીર પ્રભુના શાસનને ધારણ કરનારા, ગૌતમાદિ ગણધરોના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગ્રંથોને માન આપનારા મુનિ મહારાજાઓએ પોતાના ધર્મની ઉન્નતિને માટે અને પોતે ગ્રહણ કરેલા ચારિત્ર રત્નને નિર્મલ રાખવા માટે પરસ્પર એકતા કરવાની જરૂર છે એમ આ લેખકની નમ્રતાથી વિનંતિ છે. પ્રિય જૈન બંધુઓ, આ ત્રણ ઉપાયો ગ્રહણ કરવામાં જો આપણે પ્રવૃત્ત થઇશું, તો આપણી ધાર્મિક સ્થિતિ ઉન્નતિમાં આવશે, અને તેથી કરીને આપણો સંસાર પણ સુધરશે, કારણ કે ધર્મની સુધારણા એ સંસારની સુધારણાનો પાયો છે. જો આપણામાં ધર્મ હશે તો આપણે આપણાં સાંસારિક જીવનમાં ઉચ્ચતા મેળવી શકીશું, એ નિઃસંશય સમજવું. V.

# આપણો ઉદય શી રીતે થાય ?–થઇ શકે ?

જેનો ઉદય તેનો અસ્ત પણ હોય તેમ છતાં ફરી પાછો તેનો ઉદય થાય–થઇ શકે. જે એકાન્તવાદી હોય તે કંઇ હાનિ પ્રસંગે કોઇ એકજ કર્મ કાળાદિક ઉપર તેનો દોષ ઢોળી પાડે છે. તેમ આપણાથી કરી નજ શકાય. આપણે તો કંઇ પણ કાર્યસિદ્ધિમાં કાળ સ્વભાવ, નિયતિ, પૂર્વ કર્મ અને પુરૂષાર્થ રૂપ પાંચ કારણોને સાથેજ માનનારા રહ્યા. જો કે કાળાદિક પ્રથમનાં ચાર કારણો અદૃશ્યપણે કાર્યસિદ્ધિમાં સહાયક બને છે અને ઉદ્યમ અથવા પુરૂષાર્થ પ્રગટપણે સહાયક થઇ શકે છે તોપણ પુરૂષાર્થ સાથે તેમનો પણ સદ્‌ભાવ તો જરૂરનો ખરોજ. પ્રથમનાં ચાર કારણો અદૃશ્ય હોવાથી આપણે આધીનન લેખાય. ઉદ્યમ કે પુરૂષાર્થ કરવો આપણા હાથમાં (સ્વાધીન) હોવાથી તેનો લાભ આપણે ધારીએ તો સહેજે લઇ શકીએ અને તેનાવડે પ્રથમનાં ચાર અદૃશ્ય કારણોની પણ ખાત્રી કરી શકીએ. તેમ છતાં આળસ કે પ્રમાદને વશ થઇ જો સદ્‌ઉદ્યમ નજ સેવીએ તો જે કાર્યસિદ્ધિ કરવા આપણી મન કામના હોય તે પૂરી કરી નજ શકાય. તેથીજ મહાપુરૂષોએ પોકારી પોકારીને જણાવ્યું છે કે ‘ પ્રમાદ સમાન કોઇ કટ્ટો શત્રુ નથી અને સદ્‌ઉદ્યમ સમાન કોઇ હિત મિત્ર કે બંધુ નથી.’

તેમ છતાં આવા એકાન્તહિત વચનોની આજે કેટલી બધી ધૃષ્ટતા સાથે અવગણના કરવામાં આવે છે અને આપણા ભવિષ્યને બગાડી નાંખવામાં આવે છે. સમાજ કે શાસનની ઉન્નતિને ઇચ્છનાર કોઇથી આવી ભયંકર અવગણના કરી નજ શકાય એથી તો આપણને ભાગ્ય યોગે મળેલી અમૂલ્ય તક ગમાવી, આપણા હાથેજ આપણુ અવનતિના ઉંડા કૂવામાં પડી ઘણા લાંબા સમય સુધીના ભયંકર દુઃખમાં સબડી મરવાનું જોખમ ખેડવાનુંજ દુર્ભાગ્ય પ્રાપ્ત થાય છે. તેથી સમાજ અને શાસન ઉદય માટે જેમના દીલમાં કંઇ પણ ખરી લાગણી જાગીજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય તેમણે લોક સંજ્ઞામાં નહીં ખેંચતા સ્વબુદ્ધિ બળથી ખરા માર્ગે પ્રયાણ કરવું જોઇએ, સાચા શાસન પ્રેમથી થોડા ઘણા સજ્જનો પણ જો દ્રઢતા-એક નિષ્ઠાથી ઉદયના ખરા માર્ગેજ પ્રયાણ કરતા રહે તો બીજા અનેક ભવ્યાત્માઓ તેમને અનુસરે ખરા. નૈતિક હિંમતની ખામીથી લેખાતા કંઇક શાસન રાગીજનો બીજાઓને સાચે માર્ગે દોરી શકતા નથી, અને વખતે પોતે પણ લોક સંજ્ઞાને વશ થઈ ખરા માર્ગને વળગી રહી શકતા નથી. કહેવાય છે કે-' જેનો આગેવાન આંધળો તેનું કટક કૂવામાં ' એ ન્યાયે આપણા સમાજની સ્થિતિદિન પ્રતિદિન દયામણી બનતી જાય છે. મુગ્ધ અને બે પરવાર લોકે- શાસનના રહસ્યને ભાગ્યે સમજી શકે છે તેથી તેમની સ્થિતિ પણ દયાજનકજ છે. ઉદય માટે તો નિઃસ્વાર્થ સેવાની ભારે જરૂર છે. ઇતિશમ્

# વર્તમાન સમાચાર.

## મુનિરાજ શ્રીવલ્લભવિજયજી મહારાજનું પંજાબમાં આવાગમન અને ચાતુર્માસ.

શુમારે બારવર્ષ મારવાડ ગુજરાત અને કાઠીયાવાડમાં રહી જનસમાજ ઉપર અનેક ઉપકાર કરતાં કરતાં, જેઠ વદી ૬ ના રોજ ઉક્ત મહાત્મા સપરિવાર પંજાબના મુખ્ય શહેર અંબાલામાં આનંદપૂર્વક પધાર્યા છે.ચાતુર્માસ ત્યાંજ થશે. **મહારાજ શ્રી વલ્લભવિજયજી** સપરિવાર અત્રે પહોંચતાં જૈન અને જૈનેતર મનુષ્યોની લાગણી તેઓશ્રી ઉપર અપૂર્વ દેખાણી છે. લુધીયાના શહેર પહોંચતા પણ તેમજ બન્યું હતું. પંજાબના જૈન બંધુઓની ઘણા વખતની ત્યાં લાવવાની અભિલાષા પૂર્ણ થયેલી હોવાથી તેમજ આવા વિદ્વાન મહાત્મા પણ લાંબા વખતે ત્યાં પધારતાં હોવાથી તેમ બનવું શક્ય છે. અન્યની લાગણી કે જે ભિન્નભાવ મહાત્મા ગાંધીની સુગંધે ઉડાડી મુકયો છે, તે મહાત્માની આવી પ્રબળ પુણ્ય પ્રકૃતિ જોતાં જણાય છે તો, તીર્થંકર ભગવાનની જેઉત્તમોત્તમ અપૂર્વ પુણ્ય પ્રકૃતિ હતી તો તેમનો તો કેટલો પુણ્ય પ્રભાવ પડતો હશે તે જ્ઞાની મહારાજજ જાણી શકે! ઉક્ત મહાપુરૂષના પંજાબમાં પધારવાથી એટલું જાણી શકાય છે કે જે અન્યલોકો નાસ્તિક કહી આપણાથી દૂર રહેતા હતાં, તેઓ જૈનધર્મની શોભા કરે-ભાગ લે અને પોતાને મોઢે એવા શબ્દો બોલે કે દુનીયામાં ધર્મ અને સાધુ શબ્દ કાંઈક પણ સાર્થક છે તો તે આ સંપ્રદાયમાંજ છે. લુધીયાના શહેરમાં એક આર્યસમાજના એક વિદ્વાન-પંડિતના જે ગુણ ગ્રાહક વચન આપણા ધર્મ માટે નીકળ્યો છે કે તે વખતે તે જીવે કેટલાંએ કર્મ તોડી નાંખ્યા હશે. મુનિરાજ શ્રીવલ્લભવિજયજી મહારાજે આ પંજાબ દેશમાં દાખલ થતી વખતે લોકોની કોઈ પણ પ્રકારની આંગલી ન થાય તેવો વિચાર કરી સમયને માન આપીને પ્રવેશ કરેલો હોવાથી, તેમજ ગુરૂ મહારાજ શ્રીઆત્મારામજી મહારાજના પ્રતાપે ઉક્ત મહાત્માને પાંચ માસમાં અપૂર્વ લાભ અને આત્માને આનંદ થયો છે તેમ તેઓશ્રી જણાવતા હતા. લુધીયાંના સહેરમાં બીરાજમાન હતા

For Private And Personal Use Only

તે વખતે તેઓશ્રીનો ઉપદેશ સાંભળી દશ મુસલમાનોએ માંસાહાર છોડી દીધો છે, એટલે કે આખા કુટુંબે ત્યાગ કર્યો છે. કેટલાકોએ દારૂ ત્યાગ કર્યો છે. સનખતરા શહેરમાં ઉક્ત મહાત્માના શિષ્ય **પંન્યાસજી શ્રી સોહનવિજયજી** મહારાજના પ્રયાસથી હિંદુ મુસલમાનોમાં જે પ્રેમ વધ્યો છે તે અવર્ણનિય છે. કસાઈઓએ રાજી ખુશીથી ચાર દિવસ દુકાનો બંધ રાખવાનું સ્વીકારી લીધું છે. અને ચોમાસુ ત્યાં થાય તો હમેશાને માટે આઠ દિવસ પર્યુષણના તે દુકાનો બંધ રાખવા લખી આપવા કબુલ્યું છે જેથી બીજે સ્થળે ચોમાસું નહીં કરતાં ત્યાં કરવાનું થશે.

સાથેના સાધુઓ અને ત્યાં વિચરતા સાધ્વીજી મહારાજો વળી ખાદીનો ઉપયોગ કરતા હોવાથી તે ફાયદો પણ અનુકરણીય અને અવર્ણનીય થઈ રહ્યો છે.

એક કસાઇએ તો ઉપદેશથી સદાને માટે કસાઈપણું તજી દીધું છે અને અન્ય વેપાર કરે છે. ત્યાંના ( સનખતરાના ) હિંદુ મુસલમાનોએ પં૦ શ્રી સોહનવિજયજી મહારાજના ઉપદેશથી ઘણાંજ ખુશી થતાં જુદુ જુદુ વિનંતિ પત્ર ઉપકાર પત્ર તેઓશ્રીને અર્પણ કર્યું છે. ઉક્ત પંન્યાસજી મહારાજની આત્મશક્તિ અપૂર્વ પ્રગટી છે અને અત્રે ઘણો સારો ઉપકાર કર્યો છે. સાધુ મુનિરાજ વગેરેનું અનુકરણ કરી શ્રાવક શ્રાવિકાએ ખાદી ધારણ કરેલ.હોવાથી અપવિત્ર વસ્ત્રો ધર્મ વિરૂદ્ધ જાણી છોડી દીધાં છે, તેટલુંજ નહીં પણ દેખાવમાં સાદી જીંદગી અને ખર્ચનો બોજો પણ તેથી કેટલોક ઘટેલો છે. ઉક્ત મહાત્મા દેશી વિદેશીની બાબત બાજુ ઉપર રાખી ધર્મની રક્ષા સાથે જૈનસમાજ ખર્ચના બોજા નીચે દબાઈ ન રહે એજ ઉપદેશવા લાગ્યા છે. અપવિત્ર વસ્ત્ર ધર્મ વિરૂદ્ધ જાણી ત્યાગવા યોગ્ય છે પછી તે દેશી હો કે પવિત્ર હો તેવી સૌની ફરજ છે.

મહારાજશ્રીના ઉપદેશથી લુધીયાના, નારોવાલ અને સનખતરામાં પણ દેશી વસ્ત્રો વાપરવા શ્રી સંઘથી ઠરાવ થયો છે.

અહીંયા ગુજરાનવાળા, લુધીયાના, સનખતરા બધે સ્થળે પ્રાતઃસ્મરણીય આચાર્ય મહારાજ **શ્રી આત્મારામજી મહારાજની** જયંતી ઉજવાઇ છે કે જે પરોપકાર કરવાવાળી છે. અમારૂં માનવુ અને અનુભવેલું એવું છે કે ગુજરાત, કાઠીયાવાડમાં અન્ય આપણા ધર્મ ગુરૂઓની જયંતીઓ હવે જે થવા લાગી છે તે શીખવનાર શ્રીમાન્ આત્મારામજી મહારાજનો પરિવાર અને મુખ્ય આજ મહાત્મા છે. ગુજરાત વગેરેમાં હાલ અનેક મુનિરાજો પદવીધર થયાજ કરે છે અને તે કામ પણ ભાગ્યાધીન આવે છે, તેમાં પણ પુણ્ય પ્રકૃતિ જોઇયે છીયે. જે પુણ્ય પ્રકૃતિ શ્રી આત્મારામજી મહારાજની હતી તેવી ક્યાં દેખીયે છીયે ? જેમકે હાલમાં મહાત્મા ગાંધીજીનું જે પુણ્ય છે તે બીજાનું ક્યાં છે ? ગૃહસ્થ હો કે ત્યાગી હો પુણ્ય તે મોટી ચીજ છે. ગુણ ગ્રાહક થવું તે પણ મોટી પુણ્ય સામગ્રી જોઇએ. ઉક્ત મહાત્માના આખા દેશમાં ભિન્ન ભિન્ન સ્થળે વિહાર અને ચાતુર્માસથી આ કરતા પણ વિશેષ લાભ-જન ઉપકાર નિશ્ચે થવા સંભવ છે. તે સંબંધમાં હવે પછી જણાવીશું. આ સિવાય કેળવણીનો વૃદ્ધિ માટે પણ ઉક્ત મહાત્માનો ઉંચા પ્રકારનો પ્રયત્ન શરૂ છે તે કાર્ય પણ પંજાબ માટે ઉત્તમોતમ બનવા સંભવ છે. ( મળેલું )

---

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદ સૂરિ (આત્મારામજી) મહારાજના પરિવારના ચાતુર્માસના સ્થળો.

૧ શ્રીમાન્ આચાર્ય મહારાજ શ્રી વિજય કમલસૂરીશ્વર તથા વ્યા૦ વાચસ્પતિ શ્રી લબ્ધિ વિજયજી મહારાજ વગેરે. છાણી ગુજરાત.

૨ પ્રવર્તકજી મહારાજ શ્રી કાન્તિ વિજયજી મહારાજ મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજ તથા મુનિરાજ શ્રી પુણ્ય વિજયજી મહારાજ વગેરે— ભાવનગર.

૩ મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજ તથા પન્યાસજી શ્રી સંપત વિજયજી મહારાજ વગેરે— પાટણ ગુજરાત.

૪ મુનિરાજ શ્રીવલ્લભવિજયજીમહારાજ, શ્રી પંન્યાસજી લલિતવિજયજી મહારાજ વગેરે— અંબાલા સીટી પંજાબ.

૫ પન્યાસજી શ્રી દાનવિજયજી મહારાજ તથા મુનિરાજ શ્રી પ્રેમવિજયજી વગેરે— શિરોહી–મારવાડ.

૬ શ્રી પન્યાસજી સોહનવિજયજી મહારાજ વગેરે— સનખતરા જીલ્લા સયાલકોટ પંજાબ.

૭ શ્રી પન્યાસજી મહારાજ વિદ્યા વિજયજી મહારાજ વગેરે–– લુધીયાના પંજાબ.

૮ શ્રી પંન્યાસજી મહારાજ શ્રી ઉમંગવિજયજી મુનિરાજ શ્રી મોતી વિજયજી વગેરે–– ગોઘા કાઠીયાવાડ.

૯ પન્યાસજી શ્રી સુંદરવિજય મહારાજ વગેરે–– પાલીતાણા.

૧૦ સાધ્વીજી શ્રી દેવશ્રીજી આદિ–– જાલંધર શહેર પંજાબ.

૧૧ " શ્રી ચરણશ્રીજી આદિ–– અંબાલા સીટી પંજાબ

ઉકત પરિવારના મુનિ મહારાજને વિનંતિ કે તેઓશ્રીના ચાતુર્માસ જયાં નકી થયાં હોય તે અમોને જણાવવા કૃપા કરવી. જે હવે પ્રગટ કરવામાં આવશે.

## " શ્રી સંઘે કરેલો ઠરાવ. "

અંબાલા શહેર–પંજાબના શ્રી સંઘે લગ્નાદિ પ્રસંગમાં ચરબીવાળા અપવિત્ર વસ્ત્રો તેમજ રેશમી વસ્ત્રો કે જે આજ કાલની બનાવટની રીતીથી લાખો જીવોની જીંદગી બરબાદ કરી બનાવવામાં આવે છે તે ધર્મ વિરૂદ્ધ સમજી દરેક કન્યા કે બીજા સગાંવ્હાલાં કોઈપણને આપવા નહીં. એવો લેખીત પ્રબંધ કર્યો છે.

## મુનિરાજ શ્રીકલ્યાણવિજયજી મહારાજનો સ્વર્ગવાસ.

**ઉકત મહાત્મા જેઠ વદી ૭ ના રોજ લાંબા વખતની માંદગી ભોગવી સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે. તેઓશ્રી પંન્યાસજી શ્રી ગંભીરવિજયજી મહારાજના શિષ્ય હતા. શુમારે ચુમાળીશ વર્ષ થયા ચારિત્ર ગ્રહણ કર્યું હતું સ્વભાવે સરલ, નિખાલસ હૃદય, ક્રિયાપાત્ર ચારિત્રવાન મુનિશ્રી હતા. તેઓશ્રીના સ્વર્ગવાસથી જૈનકોમને એક ચારિત્ર પાત્ર મુનિની ખોટ પડી છે તેઓશ્રીના પવિત્ર આત્માને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ એમ ઇચ્છીએ છીયે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# आत्मानन्द प्रकाश.

( પુસ્તક ૧૯ મું. )

પુ. ૧૯ મું. વીર સં. ૨૪૪૭–૪૮. આત્મ સં. ૨૬–૨૭ અંક ૧૨

" सेव्य सदा सद्गुरु कल्पवृक्षः "

मग्नासंसृतिवारिधौ हतसुखान्दृष्ट्वा जनानां व्रजान्
तानुद्धर्तुमना दयार्द्रहृदयो रुध्वेन्द्रियाश्वान् जवात्
जन्तून्मा जहि ज्ञानतः प्रशमय क्रोधादिशत्रूनिति
'आत्मानन्द प्रकाश' मादिशदसौ जीयाज्जिनेंद्र प्रभुः ॥१॥

પ્રગટકર્ત્તા,

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.

( વાર્ષિક મુલ્ય રૂા. ૧–૦–૦ પોસ્ટેજ જુદું. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વાર્ષિક અનુક્રમણિકા.


| નંબર. | વિષયો. | લેખકના નામો. | પાનું. |
|---|---|---|---|
| ૧ | નૂતન વર્ષારંભે માંગલ્ય ભાવના ( પદ્ય ) | ( સંઘવી વેલચંદ ધનજીભાઈ ) | ૧ |
| ૨ | શ્રીમાન વિજયાનંદસૂરિને આત્મિક નમન. (પદ્ય) | ,, | ૨ |
| ૩ | નૂતન વર્ષારંભના ઉદ્‌ગારો. | ( શાહ ફતેહચંદ ઝવેરભાઈ ) | ૩ |
| ૪ | સાધુ સાધ્વી પ્રત્યે નિવેદન રૂપે બે બોલ. | ( મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી ) | ૬ |
| ૫ | જીવનમાં જ્યોતિ પ્રગટાવવા વિભુને પ્રાર્થના. (પદ્ય) | ( શાહ ફતેહચંદ ઝવેરભાઈ ) | ૮ |
| ૬ | ઉદ્દેશની એકતા. | ( શાહ વીઠ્ઠલદાસ મૂળચંદ બી. એ. ) | ૯ |
| ૭ | જીવનમાં વિશુદ્ધમય વાતાવરણો. | ( શાહ ફતેહચંદ ઝવેરભાઈ ) | ૧૫ |
| ૮ | સ્વઓળખાણુ સંબંધી સ્થૂલ વિચારણા. | ( વકીલ નંદલાલ લલ્લુભાઈ વડોદરા ) | ૧૯ |
| ૯ | આપણો અમુલ્ય વારસો. | ( શેઠ દેવચંદ દામજી ) | ૨૩ |
| ૧૦ | વીરસ્ય ભૂષણં "ક્ષમા" યાચના ( પદ્ય ) | ( સંઘવી વેલચંદ ધનજીભાઈ ) | ૨૯ |
| ૧૧ | મિચ્છામી દુક્કડં. ( પદ્ય ) | ,, | ૩૦ |
| ૧૨ | ગુરૂગુણ કિર્તન. ( પદ્ય ) | ,, | ૩૦ |
| ૧૩ | જિનધર્મ. | ( ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ ) | ૩૨ |
| ૧૪ | મનોભાવ. ( પદ્ય ) | ( શાહ કલ્યાણચંદ કેશવલાલ વડોદરા ) | ૪૪ |
| ૧૫ | સ્વાવલંબન. | ( શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ બી. એ. ) | ૪૫ |
| ૧૬ | વર્તમાન જગતને કેવા મનુષ્યો જોઈયે છે ! ( પદ્ય ) | ( શાહ ફતેચંદ ઝવેરભાઈ ) | ૫૧ |
| ૧૭ | સમયને અનુસરતું. | ( ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ ) | ૫૨ |
| ૧૮ | આચાર્ય શ્રીમદ્ હીરવિજયસૂરિજી અને જયંતી | ( ફતેહચંદ ઝવેરભાઈ શાહ ) | ૫૫ |
| ૧૯ | વિદ્યાનું દૈવત. ( પદ્ય ) | ( ભટ્ટ શ્યામજી લવજી ) | ૬૬ |
| ૨૦ | સિદ્ધ કૈવલ્ય. ઉત્સવ દિપોત્સવી પર્વ. | ( સંઘવી વેલચંદ ધનજી ) | ૬૭ |
| ૨૧ | આપણામાં ઉચ્ચ કેળવણી પસાર કરવાનો હેતુ. | ( મુનિરાજ શ્રી કર્પૂર વિજયજી ) | ૬૮ |
| ૨૨ | કેશરનો કોયડો કોણ અને ક્યારે ઉકેલશે ! | ( ,, ) | ૭૫ |
| ૨૩ | ચેતનને. ( પદ્ય ) | ( હરગોવનદાસ નાગરદાસ મહારાજની રાન્ધનપુર. ) | ૭૭ |
| ૨૪ | દ્રવ્યનો ઉપયોગ. | ( શા. વિઠ્ઠલદાસ મૂળચંદ બી. એ. ) | ૭૮ |
| ૨૫ | પ્રેરણા અને આરોગ્ય. | ( રા. ભાનુપ્રસાદ ચકુભાઈ બી. એ. પાટણ. ) | ૮૫ |
| ૨૬ | ગ્રંથાવલોકન. | ( સભા. ) | ૮૮–૧૧૧–૧૬૨–૧૮૭–૨૫૯–૨૮૮ |
| ૨૭ | વર્તમાન સમાચાર | (સભા.) | ૮૯–૧૧૦–૧૩૬–૧૬૨–૧૮૪–૨૬૦–૨૮૪–૩૧૦–૩૧૨ |
| ૨૮ | નૂતન વર્ષ. | ( સંઘવી વેલચંદ ધનજીભાઈ. ) | ૯૧ |
| ૨૯ | વ્યભિચાર નિંદા. ( પદ્ય ) | ( રા. પદ્મગુણ. ) | ૯૨ |
| ૩૦ | જૈન શ્રાવક ભાઈ બ્હેનોને અગત્યની સુચના. | ( મુનિરાજ શ્રી કર્પૂર વિજયજી. ) | ૯૩ |
| ૩૧ | પરોપકારી સજ્જનોનો સુંદર સ્વભાવ. | ( ,, ) | ૯૪ |
| ૩૨ | ત્રણ પ્રકારના મિત્ર અને તેનો વિલક્ષણ સ્વભાવ. | ( ,, ) | ૯૪ |
| ૩૩ | વસ્તુપાળ વિરચિત. નરનારાયણ નંદ કાવ્ય. | ( શા. છોટાલાલ મગનલાલ ઝુલાસણ. ) | ૯૫ |
| ૩૪ | રાષ્ટ્રીય શાળાના અભ્યાસ ક્રમની રૂપરેખા. | ( મહેતા મનસુખલાલ કિરતચંદ મોરબી | ૧૦૧–૧૩૧–૧૭૬–૨૦૨ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ૩૫ શ્રાવકોની પ્રાચીન ઉન્નતિ. | ( ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ ) | ૧૦૫ |
| ૩૬ પ્રકીર્ણ. | ,, | ૨૬૧ |
| ૩૭ શ્રી વીર સ્તુતિ. ( પદ્ય ) | ( શા. વીઠ્ઠલદાસ મૂળચંદ બી, એ. ) | ૧૧૫ |
| ૩૮ શ્રી જિન સ્તુતિ. ( પદ્ય ) | ( પારેખ પ્રભુદાસ બહેચરદાસ પાટણ. ) | ૧૧૬ |
| ૩૯ સાયંકાળે જિનદર્શન. ( પદ્ય ) | ( ,, ) | ૧૧૬ |
| ૪૦ ધર્મસાધન કરવામાં ઢીલ કરવી જોઇએ નહિ. | ( મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી ) | ૧૧૭ |
| ૪૧ સદ્ વિદ્યા. | ,, | ૧૧૭ |
| ૪૨ વિતરાગ કથિત પવિત્ર ધર્મ તું જલદી સેવન કરી લે. | ,, | ૧૧૮ |
| ૪૩ ઉત્તમશીલ. | ( શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ બી. એ. ) | ૧૧૯ |
| ૪૪ જૈન દ્રષ્ટિએ શિક્ષણનું સ્વરૂપ અને જૈન નવીન યુવકો. | (ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ) | ૧૨૪ |
| ૪૫ શું ખરૂં સુખ શાંતિમાં છે? | ,, | ૧૨૮ |
| ૪૬ ચુંટી કાઢેલા સારહિત વચનો. | ( મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી ) | ૧૨૯ |
| ૪૭ પ્રભુ પ્રાર્થના. ( પદ્ય ) | ( હરગોવનદાસ નાગરદાસ મહાજની ) | ૧૩૩ |
| ૪૮ નીતિ વચનો. | ( મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી ) | ૧૩૩ |
| ૪૯ જૈનો અને સ્વદેશી વસ્ત્રો. | ,, | ૧૩૪ |
| ૫૦ આત્મ જાગૃતિ. ( પદ્ય ) | ( કવિ સાંકળચંદ પીતાંબરદાસ અમદાવાદ ) | ૧૩૫ |
| ૫૧ ઉપમિતિ અંતર્ગત વાક્યો. | ( મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી ) | ૧૩૬ |
| ૫૨ એક સુધારો. | ( સભા ) | ૧૩૮ |
| ૫૩ પ્રભુ સ્તુતિ. | ( શાહ કલ્યાણચંદ કેશવલાલ વડોદરા ) | ૧૩૯–૧૯૦ |
| ૫૪ વસંત વિલાસ મહાકાવ્ય. | ( શાહ છોટાલાલ મગનલાલ ઝુલાસણ ) | ૧૪૦ |
| ૫૫ સાચી અને જુઠી સફલતા. | ( શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ બી. એ. ) | ૧૫૧ |
| ૫૬ યોગ દર્શન. | ( ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ ) | ૧૫૬ |
| ૫૭ સાદાઇ અને સ્વતંત્રતા. | ,, | ૧૫૯ |
| ૫૮ વ્હાલાંઓને ઉપદેશ. ( પદ્ય ) | ( ભટ્ટ મણીશંકર રતનજી બી. એ. ) | ૧૬૧ |
| ૫૯ જ્ઞાનારાધન. ( પદ્ય ) | ( સંઘવી વેલચંદ ધનજીભાઇ ) | ૧૬૫ |
| ૬૦ ૭ લેશ્યાનું સ્વરૂપ. ( પદ્ય ) | ( કવિ સાંકળચંદ પિતાંબરદાસ અમદાવાદ ) | ૧૬૬ |
| ૬૧ શ્રાવકની કરણીનું રહસ્ય | (ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ) | ૧૬૭-૧૯૪-૨૧૫---૨૩૯-૨૬૭-૨૯૧ |
| ૬૨ સયંમમાં સુખ કેવી રીતે છે ? ,, | ,, | ૧૭૧ |
| ૬૩ યોગ્યતાનુકુળ વ્યવસાયની પસંદગી. | ( શાહ વિઠ્ઠલદાસ મુળચંદ બી. એ.) | ૧૭૩ |
| ૬૪ શામાયક કરવા વિષે કવિતા. ( પદ્ય ) | (શાહ મનસુખલાલ ડાહ્યાભાઇ વઢવાણ કાંપ | ૧૭૮ |
| ૬૫ મુંબઇનું પાણી લાગવું. | ( મહેતા મનસુખલાલ કિરતચંદ ) | ૧૮૧ |
| ૬૬ ઇતિહાસ અને તેનો ઉપયોગ. | ( શાહ છોટાલાલ મગનલાલ ઝુલાસણ. ) | ૧૯૦ |
| ૬૭ સદ્વર્તનની ઉચ્ચતા દર્શન. ( પદ્ય ) | ( શાહ ફતેચંદ ઝવેર ભાઇ ) | ૧૯૮ |
| ૬૮ શુદ્ધ વિચાર અને સદ્વર્તન. | ( ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ ) | ૧૯૯ |
| ૬૯ શ્રી મહાવીર પ્રભુનો જન્મ–મહોત્સવ. (પદ્ય) | (શા. મનસુખલાલ ડાહ્યાભાઇ વઢવાણ ) | ૨૦૫ |
| ૭૦ દ્રઢ ઇચ્છા શકિત. | ( શા. વિઠ્ઠલદાસ મૂળચંદ બી. એ. ) | ૨૦૬–૨૪૬ |
| ૭૧ સમયના પ્રવાહમાં | ( ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ ) | ૨૧૦–૨૩૩ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૭૨ શ્રી વીર જયંતિ. ( પદ્ય ) ( નગીનદાસ એમ. વૈદ્ય ડભોઇ ) ૨૧૩

૭૩ શ્રી વીર પ્રભુનું ચારિત્રગાન. ( પદ્ય ) ,, ૨૧૪

૭૪ આધુનિક ઇતિહાસ પ્રત્યે બે દરકારી (શાહ છોટાલાલ મગનલાલ ઝુલાસણ ) ૨૨૦

૭૫ ઉચ્ચ ભાવના. ( ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ ) ૨૨૩

૭૬ ઐતિહાસિક સ્વાધ્યાય. ( પદ્ય ) ( શા. છોટાલાલ મગનલાલ ઝુલાસણ ) ૨૨૫–૨૪૩–૨૭૦

૭૭ મહાવીર પ્રભુનું અદૃશ્ય સ્વરૂપ મનુષ્ય કયારે જોઇ શકે? (ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ) ૨૨૯

૭૮ મનન કરવા યોગ્ય નિતિનાં વાકયો. (એક મુનીશ્રી) ૨૩૩

૭૯ ભિન્ન અપેક્ષાગત જ્ઞાનમય સ્વરૂપ. (પદ્ય) ( શાહ ફતેચંદ ઝવેરભાઇ. ) ૨૩૭

૮૦ અંતરાત્માને સદ્દજ્ઞાન મેળવવા ઉપદેશ ( પદ્ય ) ,, ૨૩૭

૮૧ સાધુ સાધ્વી તથા શ્રાવક શ્રાવિકાની કર્તવ્ય દિશા. ( મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી ) ૨૩૮

૮૨ આધુનીક કથા સાહિત્ય. ( શાહ છોટાલાલ મગનલાલ ઝુલાસણ ) ૨૫૨

૮૩ શ્રીમાન્ હેમચંદ્રાચાર્યનું જીવન વૃતાંત. ( ગાંધી વલ્લભદાસ ત્રિતુવનદાસ ) ૨૫૬–૨૭૨

૮૪ નિર્વિકલ્પ દશાનું સામર્થ્ય. ( પદ્ય ) ( શાહ ફતેહચંદ ઝવેરભાઇ ) ૨૬૩

૮૫ પરમ પદના અભિલાષીની વ્યકિત રૂપે યુકિત. ( પદ્ય ) ,, ૨૬૩

૮૬ મહાવીર પ્રભુની મુર્તિને. ( પદ્ય ) ૨૬૪

૮૭ સાચો હિતમાર્ગ. ( મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી ) ૨૬૪

૮૮ શ્રી હિતશિક્ષાના રાસમાંથી સ્ત્રી પુરૂષે લેવા યોગ્ય સુંદર બોધ. ,, ૨૬૬

૮૯ સંભાષણ કુશળતા. ( શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ બી. એ. ) ૨૭૬

૯૦ સાચા સુખના અર્થીજનોએ નિઃસ્વાર્થ જીવન ગાળવાની જરૂર (મુનિરાજશ્રી કર્પૂરવિજયજી) ૨૮૨

૯૧ જયંતિ ઉજવવાનો હેતુ. ,, ૨૮૩

૯૨ આ સભાનો છવીશમો વાર્ષીક મહોત્સવ. ( સભા ) ૨૮૬

૯૩ પૂજ્યપાદ શ્રી આત્મારામજી મહારાજ શ્રીની જયંતી. ( મળેલું ) ૨૮૪–૨૮૭

૯૪ માનવ વિભૂતિ. ( સંઘવી વેલચંદ ધનજી ) ૨૮૯

૯૫ જૈન શાસનની રક્ષા અને પુષ્ટિનો માર્ગ. ( મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી ) ૨૯૦

૯૬ પુષ્પાંજલી. ( શા. છોટાલાલ મગનલાલ ) ૨૯૫

૯૭ [illegible] કાઠીયાવાડના જૈન કાને સાંભળે છે કે ? ( મુનિ૦ શ્રી કર્પૂરવિજયજી ) ૨૯૮

૯૮ એક નિશ્ચિંત લક્ષ. ,, ૨૯૯

૯૯ હિમ્મતને ઇચ્છાશકિત. ,, ૩૦૦

૧૦૦ તર્ક. ,, ૩૦૧

૧૦૧ જગતની મહાન વસ્તુ ચારિત્ર્ય. ,, ૩૦૨

૧૦૨ કરકસર. ,, ૩૦૨

૧૦૩ જૈનોમાં કેળવણી. ,, ૩૦૩

૧૦૪ આપણી ધાર્મિક સ્થિતિ. ( ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ ) ૩૦૫

૧૦૫ આપણો ઉદય શી રીતે થાય ? ( મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ ) ૩૦૯

૧૦૬ આચાર્ય મહારાજશ્રી આત્મારામજી મહારાજના પરિવારના ચાતુર્માસ. ૩૧૨


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જલદી મંગાવો. ઘણીજ થોડી નકલો સીલીકે છે. જલદી મંગાવો.

## જૈન પાઠશાળા, કન્યાશાળા અને પ્રકરણના અભ્યાસીઓને ખાસ લાભ.

જૈનપાઠશાળામાં અભ્યાસ કર્તા જૈન બાળકો અને કન્યાઓ તથા પ્રકરણના અભ્યાસીઓને માટે, પ્રકરણોના ત્રણ ગ્રંથો જૈનશાળામાં પ્રતિક્રમણ પૂર્ણ થયા પછી જે પ્રથમ ચલાવવામાં આવે છે, તે ૧ જીવ વિચાર વૃત્તિ, ૨ નવતત્ત્વ અવચૂરિ, ૩ તથા દંડક વૃત્તિ તે આ ત્રણે ગ્રંથો છે. તે એવી રીતે પ્રગટ કરવામાં આવેલ છે કે, મૂળ સાથે નીચેજ મૂળનું અને અવચૂરિ સાથે નીચેજ અવચૂરિનું ગુજરાતીમાં ભાષાંતર આપવામાં આવેલ હોવાથી, તેમજ ભાષાંતર પણ શબ્દ અને અક્ષરસહ સરલ અને સ્ફુટ રીતે આપવામાં આવેલ હોવાથી, લઘુ વયના બાળકો અને કન્યાઓને તે મોઢે કરવા કે અર્થ સમજવા બહુજ સુગમ પડે તેમ છે, શૈલી એવી રાખેલ છે કે વગર માસ્તરે પણ શીખી શકાય તેમ છે. જૈનપાઠશાળા, કન્યાશાળાઓમાં ખાસ ચલાવવા જેવા છે.

જૈનપાઠશાળા કન્યાશાળા માટે મંગાવનારને ઘણીજ ઓછી કિંમતે ( જુજ કિંમતે ) માત્ર ધાર્મિક (કેળવણી) શિક્ષણના ઉત્તેજન માટે આપીશું. ધાર્મિક પરિક્ષા કે બીજા ઈનામના મેળાવડામાં ઇનામ માટે મંગાવનારને પણ અલ્પ કિંમતે આપીશું.

અન્ય માટે પણ મુદ્દલ કરતાં ઓછી કિંમત રાખવામાં આવેલ છે.

૧ નવતત્ત્વનો સુંદર બોધ—પાકી કપડાની બાઈડીંગ રૂા. ૦–૮–૦ આઠ આના. કાચું બાઇડીંગ માત્ર રૂા. ૦–૬–૦ છ આના.

૨ જીવ વિચાર વૃત્તિ પાકા બાઈડીંગની માત્ર રૂા. ૦–૪–૦ ચાર આના.

૩ દંડક વિચાર વૃત્તિ પાકા બાઇડીંગના માત્ર રૂા.૦–૫–૦ પાંચઆના (પો. જુદું.)

ઘણીજ થોડી નકલો સીલીકે છે જેથી અમારે ત્યાંથી જલદીથી મંગાવશો.

---

## અમારી સભાનું જ્ઞાનોધ્ધાર ખાતું.

૧ સુમુખ નૃપાદિમિત્ર ચતુષ્ક કથા શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસ પાટણવાળા તરફથી,
૨ જૈન મેઘદૂત સટીક
૩ જૈન ઐતિહાસિક ગૂર્જર રાસ સંગ્રહ
૪ અંતગડદશાંગસૂત્ર સટીક ભરૂચ નિવાસી ઉજમ બ્હેન તથા હરકોર બ્હેન તરફથી.
૬ ષટ્સ્થાનક સટીક.
૭ વિજ્ઞપ્તિ સંગ્રહ.
૮ સંસ્તારક પ્રકીર્ણક સટીક.
૯ શ્રાવકધર્મવિધિ પ્રકરણ સટીક.
૧૦ વિજયદેવસૂરિ મહાત્મ્ય.
૧૧ જૈન ગ્રંથ પ્રસસ્તિ સંગ્રહ.
૧૨ લિંગાનુશાસન સ્વોપજ્ઞ (ટીકા સાથે)
૧૩ શ્રી નંદીસૂત્ર—શ્રી હરિભદ્રસૂરિકૃત ટીકા સાથે બુહારીવાળાશેઠ મોતીચંદ સુરચંદ તરફથી.
૧૪ શ્રી મંડલપ્રકરણ,
૧૫ ગુરૂતત્ત્વ વિનિશ્ચય શેઠ પરમાનંદદાસ રતનજી ગોઘાવાળા, હાલ મુંબઇ.
૧૬ ગુણમાળા (ભાષાંતર) શેઠ દુલભજી દેવાજી રે. કરચલીયા—નવસારી
૧૭ શ્રી વિમલનાથ ચરિત્ર ભાષાંતર.
૧૮ દાનપ્રદીપ ”
૧૯ ધર્મરત્ન પ્રકરણ. ”
૨૦ ચૈત્યવંદન મહાભાષ્ય (ભાષાંતર)
૨૧ નવતત્ત્વ ભાષ્ય (ભાષાંતર)
૨૨ શ્રી નેમિનાથ ચરિત્ર ભાષાંતર.
૨૩ પ્રભાવિક ચરિત્ર ભાષાંતર.

નંબર ૧૭–૧૮–૧૯–૨૦–૨૧–૨૨–૨૩ ના ગ્રંથોમાં મદદની અપેક્ષા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મનો નિગ્રહ.

" ફરજ બજાવવી અથવા કર્ત્તવ્ય કરવું એમાં કોઇ પ્રકારના અયોગ્ય દાબનો અર્થ નથી. લોકો ઘણીવાર એવું ધારે છે કે કોઇ પણ પ્રકારનો દાબ નહિં હોવામાં બહુજ આનંદ હશે! પણ **રસ્કિન**ના કહેવા પ્રમાણે માછલી માણસના કરતાં વધારે સ્વતંત્ર હોય છે અને માખી એતો સ્વતંત્રતાની શ્યામમૂર્તિ છે. માટે મોજ શોખમાં અને " લ્હેર " માં પડીને જીવન ગાળવું એમાં કાંઇ ખરૂં સુખ કે ખરી સ્વતંત્રતા નથી. ઉલ્ટું એકવાર ઇન્દ્રિયોને બ્હેકવા દીધી તો સહન ન થઇ શકે એવી જુલમી ગુલામગીરીમાં સપડાયા જાણવા. દારૂના ઝંદમાં પડેલા માણસો જેવા પરવશ થઇ જાય છે તેવીજ રીતે ઇન્દ્રિયોના ભોગવિલાસમાં પડેલા માણસો પણ પરવશજ થયેલા સમજવા. દારૂ પીતી વખતે જીભને કદાચ મઝાહ આવતી હશે, પણ પ્યાલો ખાલી થયા પછી એને તળીયેજ જાણે કડુતા રહેલી હોય છે. પહેલાં જે મોજ શોખ કર્યો છે એનાથી ઉત્પન્ન થયેલી લલુતાને પાછી શાંત કરવા માણસો દારૂ પીએછે; તેજ પ્રમાણે ઇન્દ્રિયોને વશ થયેલા માણસોની વાસનાઓ પણ પ્રસંગોપાત જાગૃત થાય છે. વારંવાર શાંત કરવાથી એ કાંઈ સુખ નથી આપતી, પણ અગ્નિમાં ઘી નાખવાથી જેમ અગ્નિ શાંત થવાને બદલે વધારે જોરથી બળે છે તેમ ઉલ્ટી તૃષ્ણા વધેછે. લાલસા અથવા તૃષ્ણાઓને વશ થયેલા માણસોને મનો નિગ્રહ કરતાં -મન વશ રાખતાં બહુ ભારે પડે છે. લાલસાઓની સામે થવું તેમને માટે વધારે ને વધારે અઘરૂં થતું જાય છે; અને શરૂઆતમાં ઇન્દ્રિય સુખની તૃષ્ણાને સંતોષ આપતાં જે કંઇક ક્ષણિક સુખ મળે છે તે થોડીજ વારમાં બંધ થાય છે અને કંઇક આરામ આપી પાછું કંટાળો ઉપજાવે એવું થઈ જાય છે. તૃષ્ણાઓની સામે થવું અઘરૂં છે અને તાબે થવું પણ દુઃખદાયક છે; છતાં આખરે પામર જીવ ક્ષણિક સુખ મેળવવા તૃષ્ણાને વશ થઈ ભવિષ્યમાં પાછો વધારે ને વધારે દુ:ખ વ્હોરે છે. બીજી તરફથી આત્મ--સંયમ શરૂઆતમાં બહુ મુશ્કેલ લાગે છે, છતાં પગલે પગલે આગળ વધીએ તો ધીમે ધીમે સ્હેલો થતો જાય છે, અને મનોરંજક લાગે છે. ઇન્દ્રિયોને જીતવી–મન વશ કરવું, એનાથી જેટલો હર્ષ થાય છે એટલો કશાથી થતો નથી. ઇન્દ્રિયોના ઉપર જય મેળવવો એનાથી વધારે ગૌરવવાળો વિજય બીજો એક પણ નથી."

" **સંસારનાં સુખ** " માંથી

For Private And Personal Use Only